તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું હસ્તલિખિત મેગેઝિન

# એપ્રિલ

# PART 1

## Dt. 01 to 15

## 2024

**કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ**




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

7600051070




રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ


**CRACK GPSC**

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.

- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Redeem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.

(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

**અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.**


ફરી એકવાર Dy. SO પરીક્ષામાં
સાબિત કરી દીધું કે...
માત્ર 225 પેજની
આ બુક સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે છે
પરમાણુ બોમ્બ
LATEST
આ બુક તો વાંચવી જ પડે...
ફાસ્ટ ટ્રેક
બંધારણ
એક બુક
બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય
40%
ડિસ્કાઉન્ટ
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
7600051070


ઘરે ઘરે વસાવવા લાયક
552 પાનાં ધરાવતું
દળદાર પુસ્તક
શાળા, કોલેજ કે સરકારી પરીક્ષાની તૈયારી કરતા
વિદ્યાર્થીઓ માટે
હું છું
ગુજરાત
ગુજરાત માટે આવી બુક
જોઈ નહિ હોય
40%
ડિસ્કાઉન્ટ
આ બુક તો વાંચવી જ પડે...
હું છું 'ગુજરાત'
એક બુક, બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
,તમામ સંદર્ભ પુસ્તકો, સરકારી પુસ્તકો
સરકારી વેબસાઈટ્સ, પાઠ્યપુસ્તકોનો
ક્રમબદ્ધ, વ્યવસ્થિત અને
ઓથેન્ટિક રીતે ઉલ્લેખ
40થી વધુ નકશાઓ
દ્વારા રજૂઆત
MRP. 496/-
Only 299/-
Crack GPSC
વધુ વિગત માટે Whatsapp કરો 7600051070

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

**UP TO 40% OFF**

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

**IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર**




| હું છું 'ગુજરાત' | આધુનિક ભારતનો ઇતિહાસ | ભારતનો ઇતિહાસ | ભારતીય કલા અને સંસ્કૃતિ | પાવરફુલ જનરલ નોલેજ |
|---|---|---|---|---|
| MRP. ~~496/-~~ | MRP. ~~380/-~~ | MRP. ~~380/-~~ | | |
| Only @ 299/- | Only @ 230/- | Only @ 230/- | Coming... | Coming... |

**કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ**




| ફાસ્ટ ટ્રેક ભારતનો ઇતિહાસ | ફાસ્ટ ટ્રેક બંધારણ | માસ્ટર GK | ગુજરાત GK | અર્થશાસ્ત્ર પ્રશ્નબેંક |
|---|---|---|---|---|
| MRP. ~~270/-~~ | MRP. ~~230/-~~ | MRP. ~~385/-~~ | MRP. ~~280/-~~ | MRP. ~~180/-~~ |
| Only @ 162/- | Only @ 170/- | Only @ 235/- | Only @ 168/- | Only @ 126/- |

**ORDER**

Visit website **crackgpsc.com/books** OR અથવા **Crack GPSC** એપમાં **BOOKS** વિભાગ પરથી OR અથવા અહીં આપેલ **QR કોડ** દ્વારા પેમેન્ટ કરો.

**કુરિયર સર્વિસ FREE** (4 થી 5 દિવસમાં ડિલીવરી)

QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

## Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય

સરકારી નોકરીની તૈયારી માટે

**76000 51070**

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

# [*] 1 એપ્રિલ-2024 [*]

## [*] સ્વયંવર પ્રથા તરીકે પ્રસિદ્ધ જેસાવાડાનો ગોળગધેડાનો મેળો.

(I) દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ખાતે સામાન્ય રીતે હોળી પછીના પાંચમા, સાતમા કે અગિયારમાં દિવસે આ મેળો ભરાય છે.

(II) આ મેળામાં મેદાનની વચ્ચે રાખેલા શિમળાના લાકડાની ટોચે મહુડાના ફૂલ અને ગોળની પોટલી લટકાવાયેલી હોય છે.

(III) થાંભલાની આસપાસ યુવતીઓ લાકડી સાથે ઊભે છે અને ગામના યુવકો તેમને નજરચૂકવી આ થાંભલા પર ચડવા પ્રયત્ન કરે છે. જો કોઈ યુવક થાંભલા સુધી પહોંચી જાય અને તેના પર ચડવા પ્રયત્ન કરે તો આસપાસ ઊભેલી યુવતીઓ તેને લાકડીથી મારી તેને અટકાવવા પ્રયત્ન કરે છે.



(IV) પ્રાચીન સમયમાં જે યુવક આ પોટલી લાવવામાં સફળ રહેતો તેને તેની પસંદગીની કન્યા સાથે લગ્ન કરવાનો મોકો મળતો, પરંતુ હાલ માત્ર મનોરંજન હેતુ આ પ્રથા અનુસરવામાં આવે છે.

(V) આ મેળામાં આદિવાસી સમુદાય પ્રાચીન ગીતો ગાતાં ગાતાં નૃત્ય કરે છે અને આ પ્રકારે તેમની સંસ્કૃતિ અને કળાએ ખીલે છે.

(Vi) વર્ષ 2024માં પોટલી લાવીને સફળ થનાર યુવક ['રાહુલ કટારા']

યાદ રાખો: → શિમળાના વૃક્ષમાંથી દિવાસળી તથા પેકિંગના ખોખા બનાવવામાં આવે છે. તથા શિમળાના વૃક્ષના લાકડાંની છાલ ઉતારતા તે ચીકણું માલૂમ પડે છે.

Current Affairs By C.H.Shingala

**[*] દુબઈના મેડમ તુસાદ ખાતે અલ્લુ અર્જુનની મીણની પ્રતિમાનું અનાવરણ કરાયું.**

[I] તેલુગુ સિનેમા આઇકોન અલ્લુ અર્જુનની કારકિર્દીમાં આ એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

[II] આ અનાવરણ અભિનેતા, તેમની પત્ની સ્નેહા રેડ્ડી અને બાળકો તથા પરિવારના અન્ય સભ્યોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

[III] આ પ્રતિમા બ્લેક પેન્ટ અને ફોર્મલ શૂઝ સાથે આકર્ષક લાલ બ્લેઝરમાં છે. જે તેમની ફિલ્મ અલા વૈકુંઠપુરમલુના આઇકોનિક લુકને પ્રતિબિંબિત કરે છે



[IV] અલ્લુ અર્જુન ભારતીય સિનેમામાં સૌથી વધુ કમાણી કરનારાઓમાંના એક છે. અને ૨૦14થી સતત ફોર્બ્સ ઈન્ડિયા સેલિબ્રિટી 100ની યાદીમાં સામેલ થાય છે.

**[*] અંતરિક્ષના બ્લેક હોલના નામ પરથી દેશની પ્રથમ પોસ્ટ ઓફ 'બ્લેક હોલ ઓફ કોલકાતા'**

[I] કોલકાતામાં બનેલી બ્લેક હોલની ઘટનાના ૨૦૦ વર્ષ બાદ આ નામ અપાયું. વાસ્તવમાં બ્લેક હોલની અવકાશીય ઘટના 13 અબજ વર્ષ પહેલા થઈ હતી. પરંતુ સૌપ્રથમ 1961માં ઈટાલિયન-અમેરિકન ખગોળશાસ્ત્રી પ્રો. રિકાર્ડો ગિયાકોનીએ તેની માહિતી આપી.

• <u>બ્લેક હોલ અને તેના પ્રકાર</u>•

→ તમામ આકાશગંગાના કેન્દ્રમાં બ્લેક હોલ હોય છે. જો આપણે બ્લેક હોલને સરળભાષામાં સમજવા પ્રયત્ન કરીએ તો તારાઓના મૃત શરીરને બ્લેક હોલ કહેવાય. તારાઓ જન્મે છે અને મૃત્યુ પામે છે. જ્યાં તારાઓ હિલિયમમાંથી આયર્નમાં પરિવર્તિત થાય ને જ્યાએ ગુરુત્વાકર્ષણ એટલું વધુ હોય કે સૌથી ભારે પદાર્થ અને નજીકના અન્ય તારાઓ ખેંચાય છે. પ્રકાશ સહિત કોઈ પણ વસ્તુ તેનાથી બચી શકતી નથી.

Current Affairs C.H.Shingala

## • કોલકાતા બ્લેક હોલની ઘટના •

(I) અંગ્રેજોએ કોલકાતાના BBD બાગ વિસ્તારમાં હુગલીના કિનારે આઉટ ફોર્ટ વિલિયમ બનાવ્યો. જેને ઈંગ્લેન્ડના રાજા વિલિયમ-ત્રીજાનું નામ અપાયું.

(II) આ કિલ્લામાં એક અંધાર કોટડી (બ્લેક હોલ) (18 ફૂટ લંબાઈ, 15 ફૂટ પહોળાઈ) બનાવાય જેમાં માત્ર 2-3 કેદીઓ રહી શકતા.

(III) 20 જૂન, 1756એ સ્વતંત્ર બંગાળના નવાબ સિરાજ ઉદ દૌલાએ ફોર્ટ વિલિયમ પર કબજો કર્યો અને 146 અંગ્રેજોને પકડી આ કોટડીમાં બંધ કરી દીધા. જ્યાં ગરમી અને શ્વાસ રૂંધાવાથી 123ના મૃત્યુ થયા. આ ઘટના બ્લેકહોલથી પ્રખ્યાત બની. ત્યારબાદ 1757માં પ્લાસીના યુદ્ધમાં સિરાજ-ઉદ-દૌલાનો પરાજય થતા અંગ્રેજોએ તેને કબજે કર્યો.

(IV) સમગ્ર ઘટના બ્રિટિશ કમાન્ડર બેન હોવેલે 'બંગાળના પ્રાંતને લગતી રસપ્રદ ઐતિહાસિક ઘટનાઓ' લેખમાં લખેલ છે.



# * 2 એપ્રિલ-2024 *

## * મુંબઈ ભારતનું પ્રથમ ત્રિ-સેવા સામાન્ય રક્ષા સ્ટેશન બનશે.

I મુંબઈમાં સશસ્ત્ર દળો દ્વારા સેના, નૌસેના અને ભારતીય વાયુ સેના માટે દેશની પ્રથમ ત્રિ-સેવા સામાન્ય રક્ષા સ્ટેશનની સ્થાપના થશે.

II આ સ્થાપનાનો ઉદ્દેશ્ય એકીકૃત થિયેટર કમાંડની સ્થાપનાથી પ્રથમ ત્રણે સેનાઓ વચ્ચે એકતા વધારવાનો છે. વર્તમાનમાં ભારત પાસે કોઈ સામાન્ય રક્ષા સ્ટેશન નથી.

III 2001માં અંદમાન અને નિકોબાર કમાંડને એક પૂર્ણ ત્રિ-સેવા કમાંડ તરીકે સ્થાપિત કરાયું હતું.

## * ત્રિપુરાના માતાબારી પેંડા અને પચરાને GI Tag

I માતાબારી પેંડા એ ડેયરી આધારિત મીઠાઈ છે જે પરંપરાગત રીતે ગોમતી જિલ્લાના ત્રિપુરસુંદરી મંદિરમાં પ્રસાદ તરીકે પિરસવામાં આવે છે.

II પચરા એ રાજ્યના સ્વદેશી સમુદાય દ્વારા ઉપયોગ થતો હાથ વણાટનું કાપડ છે.

III માર્ચ 2023માં માતાબારી મહિલા ક્લસ્ટર સ્તર ભૂમુખી સાંબયા સમિતિ લિમિટેડે માતાબારી પેંડાના GI Tag માટે આવેદન કર્યું હતું.




IV ત્રિપુરામાં પચરા વણકરોની ઘટનાને ધ્યાન રાખી GI Tag થી તેઓને પ્રોત્સાહિત કરી શકાશે.

Current Affairs By C.H.Shingala GPSC


## [*] ઉત્કલ દિવસ- 1 એપ્રિલ

[I] 1 એપ્રિલ, 1936 ના ઓડિશા રાજ્યની સ્થાપનાના ઉપલક્ષ્યમાં દર વર્ષે આ દિવસ મનાવાય છે.

[II] ભારતમાં બ્રિટિશ યુગ દરમિયાન સંયુક્ત બિહાર અને ઓડિશા પ્રાંતથી ઓડિશાને અલગ કરવામાં આવ્યું હતું.

[III] 1 એપ્રિલ, 2024 એ ઓડિશાએ 89મો સ્થાપના દિવસ મનાવ્યો.

[IV] ઓડિશા દિવસને વિશુવા મિલન પણ કહેવામાં આવે છે. પ્રાચીન ઈતિહાસમાં કલિંગ, ઉત્કલ, ઉડ્ર, તોશાલી અને કોશલ ઓડિશાના નામ હતા.




[V] ઓડિશા નામ તેના મધ્યક્ષેત્રમાં રહેતી ઓડ્રા જનજાતિના નામ પરથી રખાયું હતું. 113માં સંશોધન વિધેયક 2011 થી ઉડિસા નામ બદલીને ઓડિશા કરવામાં આવ્યું.

## [*] RBI ડિજિટલ ઈન્ડિયા ટ્રસ્ટની સ્થાપના કરશે.

[I] ડિજિટલ ઈન્ડિયા ટ્રસ્ટ એજન્સી (ડિજિટા) ડિજિટલ લોન આપનાર એપ્સની ચકાસણી કરશે અને તેનું સાર્વજનિક રજિસ્ટર બનાવશે.

[II] ડિજિટાની સહી વગર એપ્સને કાનૂની રીતે અનઅધિકૃત માનવામાં આવશે અને તેના સામે નાણાકીય અપરાધોની ફરિયાદ દાખલ કરાશે.

[III] RBI એ IT મંત્રાલય સાથે 442 અહિતીય ડિજિટલ લોન એપના નામોની યાદી મોકલી છે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

[*] બુલ્ગારિયા અને રોમાનિયા આંશિક રીતે યુરોપના શેંગેન ક્ષેત્રમાં સામેલ થશે.

[I] બુલ્ગારિયા અને રોમાનિયા આંશિક રૂપથી યુરોપના મુક્ત આવાગમન શેંગેન ક્ષેત્રમાં સામેલ થશે

[II] 2023માં બંને દેશ શેંગેન ક્ષેત્રમાં સામેલ થવા માટે સમજૂતી કરી ચૂક્યા હતા.

[III] 1985માં ગઠિત શેંગેન ક્ષેત્ર યુરોપીય સંઘમાં 400 મિલિયનથી વધુ લોકોનો આંતરિક સીમા નિયંત્રણ વિના સ્વતંત્ર રીતે યાત્રાની અનુમતિ આપે છે.

[IV] શેંગેન ક્ષેત્રમાં હાલ 29 સભ્યો સામેલ છે જેમાં 25 યુરોપીય સંઘના સભ્યો છે. સ્વિત્ઝરલેન્ડ, નોર્વે, આઈસલેન્ડ, અને લિક્ટેંસ્ટીન પણ તેનો હિસ્સો છે.

[V] ઓસ્ટ્રેલિયાએ 2022માં શેંગેન ક્ષેત્રમાં રોમાનિયા અને બુલ્ગારિયાના પ્રવેશની વિરૂદ્ધમાં મતદાન કર્યું હતું. પરંતુ ક્રોએશિયાને શેંગેનમાં સદસ્ય બનાવવા અનુમતિ આપી હતી.

[vi] બુલ્ગારિયા અને રોમાનિયા 2007માં જ્યારે ક્રોએશિયા 2013માં યુરોપીય સંઘમાં સામેલ થયું.

[*] કોંગો એ જૂડિથ સુમિનવા તુલુકાને પ્રથમ મહિલા PM બન્યા.

[I] કોંગો લોકતાંત્રિક ગણરાજ્યના રા.પતિ ફેલિક્સ ત્સેસીકેદીએ આ નિયુક્તિ કરી.

[II] તુલુકા એવા સમયે પદ પર આવશે જ્યારે રવાંડાની સીમા સાથે દેશની ચાલી રહેલ હિંસાત્મક પ્રવૃત્તિથી બંને વચ્ચે અસંવેદનશીલતા ચાલી રહેલ છે

[III] 120થી વધુ સશસ્ત્ર સમૂહના લાંબા સમયથી પૂર્વી કોંગો પર નિયંત્રણ રહ્યું છે. જે દેશની રાજધાની કિંશાસાથી દૂર સ્થિત છે. અને આ ક્ષેત્રમાં સોનું અને અન્ય સંશાધનો સારા એવા પ્રમાણમાં મળી આવે છે.

Current Affairs By C.H.Siringala GPSC

# * ૩ એપ્રિલ - ૨૦૨૪ *

## [*] વિનીત જૈનને ENBA લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ-૨૦૨૩

[I] ટાઈમ્સ ગ્રુપના કાર્યકારી ડાયરેક્ટર વિનીત જૈનને એક્સચેન્જ4મીડિયા ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ એવોર્ડ (ENBA) થી સન્માનિત કરાયા. આ પુરસ્કાર તેમને ભારતીય ટેલિવિઝન સમાચાર પરિદૃશ્યમાં અતુલનીય યોગદાન માટે અપાયો.

[II] ટાઈમ્સ ગ્રુપના ટાઈમ્સ નાઉ, ET નાઉ, મિરર નાઉ, ટાઈમ્સ નાવ નવભારત, ET નાઉ સ્વદેશ જેવી ચેનલોમાં સમાચાર વિતરણની પણ મહત્વની ભૂમિકા ધરાવે છે.

## [*] વિશ્વ ઓટિઝમ જાગૃતતા દિવસ - ૨ એપ્રિલ.

[I] ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ASD) બાબતે જાગૃતતા વધારવા દર વર્ષે આ દિવસ મનાવાય છે.

[II] ઓટિઝમથી પીડિત લોકો, વિશેષ રૂપથી બાળકોને જાગૃત કરવા સૌ પ્રથમવાર આ દિવસ ૨૦૦૮માં મનાવાયો હતો.

[III] ૨૦૨૪ નો વિષય :- 'ઓટિસ્ટિક અવાજોને સશક્ત બનાવવું'

[IV] ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર એક વ્યાપક શબ્દ છે જેનો ઉપયોગ ન્યૂરોડેવલપમેન્ટ વિકારના એક સમૂહને વર્ણવવા માટે થાય છે.




Current Affairs By C.H.Shingala GPSC

[*] સુપ્રીમ કોર્ટે VVPATની તમામ સ્લિપની ગણતરી માટે થયેલ જનહિતની અરજી પર ચૂંટણી આયોગને અરજી આપી.

[I] જનહિતની અરજીમાં VVPATની તમામ સ્લિપ્સની ગણતરી કરી તેને EVMમાં પડેલા મતોના આધારે સરખાવીને ક્રોસચેક કરવાની બાબત ઉમેરાય છે.

[II] વર્તમાનમાં કોઈ પણ 5% VVPATની રાન્ડમલિ પસંદગીથી ગણતરી કરવામાં આવે છે. સરકારે રૂ.5000 કરોડના ખર્ચે 24 લાખ VVPATની ખરીદી કરી છે.

[III] આ ઉપરાંત VVPAT ના કાચને પારદર્શક બનાવવા માટે પણ ચૂંટણીપંચને તાકીદ કરવાની વાત કહેવામાં આવી છે.

## VVPAT

→ Voter-Verified Paper audit trail

→ VVPATથી મતદાતા EVMમાં આપેલ તેના મતને ચકાસી શકે છે.




→ EVMમાં મત આપ્યા બાદ VVPATના કાચની સ્ક્રીનમાં ઉમેદવારના નામ, પ્રતીક અને ક્રમાંક સાથેની પરચી 7 સેકન્ડ માટે જોવા મળે છે.

→ પ્રથમવાર નાગાલેન્ડના ડા-નોકસેન (ST) વિધાનસભા ક્ષેત્રની ચૂંટણીમાં VVPAT નો ઉપયોગ કરાયો હતો.

## [*] હાલમાં ચર્ચિત કચ્ચાતિવુ દ્વીપ

[I] હાલમાં પ્રધાનમંત્રી મોદીએ 1974માં કચ્ચાતિવુ દ્વીપ શ્રીલંકાને આપી દેવા બાબતે કોંગ્રેસ પર પ્રહાર કર્યા. આ દ્વીપ ભારત અને શ્રીલંકા વચ્ચે 285 એકરમાં ફેલાયેલો, 1.6km લાંબો અને 300 મીટર પહોળો દ્વીપ છે.

• કચ્ચાતિવુ દ્વીપ •

→ 1505 - 1658 સુધી પોર્ટુગીઝના કબ્જાના કારણે શ્રીલંકા તેના પર દાવો કરતું હતું. ભારતે પોતાની સંપત્તિના હિસ્સાના રૂપમાં રામનાદના રાજાના કબ્જાના કારણે તેના પર દાવો કર્યો.

→ 1974માં એક સમજૂતીથી ભારતે તેને શ્રીલંકાને સોંપ્યો. જ્યાં હાલ માત્ર એક સેંટ એંથોની ચર્ચ (20મી સદી) છે. એ સિવાય વેરાન પ્રદેશ છે.

Current Affairs By C.H.Shinsala GPSC

[*] ઈંટો ફ્રેન્ડલી કન્સ્ટ્રક્શન માટે રેતીનો વિકલ્પ તૈયાર કરાયો.

[I] બેંગલુરુ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટટ્યૂટ ઓફ સાયન્સના વિજ્ઞાનિકોએ એવું મટેરિયલ બનાવ્યું જેમાં રેતીનો વિકલ્પ મળી શકે છે.

[II] IIScના સેન્ટર ફોર સસ્ટેનેબલ ટેકનોલોજિસ (CST)ની ટીમે ઔદ્યોગિક કચરાના ગેસમાથી મળેલા કાર્બન ડાયોક્સાઈડનો ઉપયોગ કરવાની પદ્ધતિ શોધી રહ્યા છે. તેમણે ખોદાયેલી માટી અને બાંધકામ કચરાને $CO_2$ સાથે ટ્રીટ કરી તેના ઉપયોગ કરવામાં આવશે.

[III] સંશોધકોના મતે મોર્ટારમાં $CO_2$-ટ્રીટેડ બાંધકામ કચરાના ઉપયોગથી $CO_2$-સમૃદ્ધ વાતાવરણમાં ક્યોરિંગ કરવાથી મટિરિયલની મજબૂતાઈમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે.

[*] મેટા રિલાયન્સના ઓણઈ સ્થિત એસ્ટેટમાં ભારત ખાતેનું પ્રથમ ડેટા સેન્ટર સ્થાપશે.

[I] ભારતમાં ડેટા સેન્ટરની સ્થાપનાથી US કંપનીને તેની તાલ એપ- ફેસબુક, ઈન્સ્ટાગ્રામઅને વોટ્સએપ યુઝરનો ડેટા સ્થાનિક સ્તરે જ પ્રોસેસ કરવામાં મદદ મળશે.

[II] હાલમાં ભારતના યુઝર દ્વારા જે ડેટા જનરેટ થાય છે તેના પર સિંગાપોર ખાતે આવેલી કંપનીના ડેટા સેન્ટરમાં પ્રોસેસ થાય છે. ભારતમાં જ ડેટા સેન્ટર કાર્યરત થતા હાલમાં ચાર થી પાંચ સ્થળેથી ડેટા એકત્ર કરી તેના પર પ્રોસેસ કરવાની ક્ષમતા પ્રાપ્ત થશે અને ડેટા પ્રોસેસની ઝડપ વધશે.

[III] મેટાનું આ સેન્ટર બ્રુકફિલ્ડ એસેટ મેનેજમેન્ટ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ડિજિટલ રિયાલ્ટી વચ્ચેનું સંયુક્ત સાહસ બનશે. અને આ એસ્ટેટ 100 ~~મેગ~~ મેગાવૉટ IT લોડની ક્ષમતા ધરાવશે.

[IV] ભારતમાં મેટાના યુઝર્સ (કરોડમાં) - ફેસબુક - 31
ઈન્સ્ટાગ્રામ - 35
વોટ્સએપ - 48

# ☺ One Liner News

① માર્ચ મહિનામાં વિદેશી સંસ્થાઓએ ભારતીય ઈક્વિટીમાં 3.63 બિલિયન ડોલરનું રોકાણ કર્યું.

② પીઆર શ્રીજેશ અને કૈમિલા કેરમને આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘના નવા FIH એથલીટ સમિતિના સહઅધ્યક્ષ નિયુક્ત કરાયા.

③ નિધુ સક્સેના બેંક ઓફ મહારાષ્ટ્રના નવા MD અને CEO નિયુક્ત.

④ સંયુક્ત રાષ્ટ્ર વ્યાપાર અને વિકાસ સંમેલન (UNCTAD) ના રિપોર્ટ અનુસાર, ચીન અને યુરોપીય સંઘ પર ભારતની વ્યાપાર નિર્ભરતા 1.2% વધી.

⑤ સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવે <u>કમલ કિશોરને</u> આપત્તિ જોખમ ઘટાડવા માટે વિશેષ પ્રતિનિધિ નિયુક્ત કર્યા.

⑥ 'એટ ધ ફ્રન્ટ લાઈન ઓફ ક્લાયમેટ એક્શન' વિષય પર આધારિત મોસમ અને સમુદ્ર વિજ્ઞાન સેમિનારનું આયોજન દક્ષિણી નૌસેના કમાનમાં કરવામાં આવ્યું જેને <u>મેઘયાન-૨૪</u> નામ અપાયું.

⑦ 1 એપ્રિલ, ૨૦24 એ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની 90મી વર્ષગાંઠ ઉજવવામાં આવી. ભારતીય રિઝર્વ બેંક અધિનિયમ, 1934 અને હિલ્ટન યંગ કમીશનની ભલામણથી 1935માં તેની સ્થાપના થઈ હતી. હાલના ગવર્નર- શક્તિકાંત દાસ.

Current Affairs By C.H.Shingala GPSC

# * 4 એપ્રિલ-2024 *

## [*] ઉત્તર પ્રદેશના 15 ઉત્પાદનોને GI Tag અપાયો.

[I] GI Tag ની બાબતમાં સમગ્ર ભારતમાં ઉત્તરપ્રદેશ પ્રથમ સ્થાને આવી ગયું. ઉત્તરપ્રદેશમાં 69 GI Tag ધરાવતા ઉત્પાદનો છે. જ્યારે બીજા સ્થાને 58 સાથે તમિલનાડુ છે.

[II] ઉ.પ્ર.માં વારાણસી 30 ઉત્પાદનો સાથે પ્રથમ ક્રમે છે.

### ઉ.પ્ર.ના નવા ઉત્પાદનો

- બનારસની ઠંડાઈ
- બનારસની શરણાઈ
- ચિરઈગાંવ કરૌંદા (વારાણસી)
- બનારસ ભીંત ચિત્ર
- મથુરા સાંઝી શિલ્પ
- પીલીભીત વાંસળી
- ચિત્રકૂટના લાકડાના શિલ્પ અને રમકડાં
- રામપુર પેચવર્ક
- બનારસ તબલા
- બનારસ લાલ ભરવા મિર્ચ
- બનારસ લાલ પેંડા
- જૌનપુર ઈમરતી
- બુંદેલખંડ કઠિયા ઘઉં
- સંભલ અસ્થિ શિલ્પ
- મૂંજ શિલ્પ.

## [*] મીરાબાઈ ચાનૂ પેરિસ ઓલિમ્પિક 2024 માટે ક્વોલિફાઈ થનાર એકમાત્ર ભારતીય વેઈટલિફ્ટર

[I] થાઈલેન્ડના ફુકેતમાં IWF વિશ્વ કપમાં સફળતાપૂર્વક પ્રતિસ્પર્ધા કરનાર મીરાબાઈને આ ઉપલબ્ધિ મળી

[II] ચાનૂએ 49kg પ્રતિયોગિતામાં ત્રીજા સ્થાને અને કુલ 11માં સ્થાને રહી.

[III] પેરિસ ઓલિમ્પિક માટે એથ્લીટોને બે આવશ્યક અને ત્રણ વિશેષ સ્પર્ધામાં ભાગ લેવો પડે છે.

[IV] મીરાબાઈએ ટોક્યો ઓલિમ્પિકમાં મેડલ મેળવ્યો હતો.

Current Affairs By C.H.Shingala GPSC

**(*) FSSAI એ ઈ-કોમર્સ કંપનીઓને હેલ્થ અને ઊર્જા પેયો માટે યોગ્ય વર્ગીકરણ સુનિશ્ચિત કરવા જણાવ્યું.**

(I) આ વર્ગીકરણનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્પાદનોની પ્રકૃતિ અને કાર્યાત્મક લાભો બાબતે સ્પષ્ટતા અને પારદર્શિતા લાવવાનો છે. જેનાથી ઉપભોક્તાને નિર્ણય લેવામાં અને ખોટા સૂચનોથી બચવામાં મદદ મળશે.

(II) હાલમાં ઈ-કોમર્સ સાઈટો પર ડેરી આધારિત પેય મિશ્રણ, અનાજ આધારિત પેય મિશ્રણ વગેરેમાં ખોટી રીતે 'સ્વાસ્થ્ય પેય' અથવા 'ઊર્જા પેય' (એનર્જી ડ્રિંક) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા બાદ FSSAI એ આ આદેશો આપેલા છે.

(III) FSSAI ના મતે 'સ્વાસ્થ્ય પેય' પદાર્થમાં શબ્દમાં FSSAI અધિનિયમ 2006 અંતર્ગતની વ્યાખ્યા બંધ બેસતી નથી.

(IV) 'ઊર્જા' પેય શબ્દનો ઉપયોગ માત્ર ખાદ્ય શ્રેણી પ્રણાલી કોડ 14.1.4.1 અને 14.1.4.2 અંતર્ગત લાયસન્સ પ્રાપ્ત ઉત્પાદનમાં જ કરી શકાય.

**(*) નાણાકીય વર્ષ 2023-24માં ભારતે પ્રથમવાર એક અબજ ટન કોલસો અને લિગ્નાઈટનું ઉત્પાદન મેળવ્યું.**

(I) ભારતે પાછલાં વર્ષે 937 મિલિયન ટન કોલસા અને લિગ્નાઈટનું ઉત્પાદન કર્યું. જે છેલ્લા 10 વર્ષમાં 70%નો વધારો નોંધાવે છે.

(II) ભારત 2025-26 સુધીમાં કોલસાની આયાત બંધ કરવાનું લક્ષ્ય પણ ધરાવે છે. ભારે 2024માં મિશ્રણ માટે 22.20 મિલિયનથી વધુ કોલસો આયાત કર્યો છે. જે 2022-23માં 30.80 મિલિયન ટન હતો.

• કોલસાના તેમાં રહેલ કાર્બનના આધારે પ્રકાર •

(1) એન્થ્રેસાઈટ (2) બિટ્યુમિનસ (3) લિગ્નાઈટ (4) પીટ.

Current Affairs By C.H.Shingala

* ભારતીય ખગોળ ભૌતિકી સંસ્થાન (IIA) એ 1 એપ્રિલ, 2024 એ કોડાઈકેનાલ સૌર વેધશાળાની 125 મી વર્ષગાંઠ ઉજવી. → KSO

[I] KSO પાસે 20મી સદીની શરૂઆતથી દરરોજ રેકોર્ડ થતી 1.2 લાખ ડિજિટલ સૌર છબીઓના ડિજિટલ ભંડાર છે.

[II] વર્ષગાંઠ સમારોહ માટે KSO ની 125મી વર્ષગાંઠનો લોગો અનાવરણ ઈસરોના પૂર્વાધ્યક્ષ અને IIA ના ગવર્નિંગ કાઉન્સિલ અધ્યક્ષ એ. એસ. કિરણ કુમારે કર્યો.

[III] KSO ની સ્થાપના 1899માં અંગ્રેજો દ્વારા થઈ હતી. જે દુનિયામાં સૂર્યના સૌથી લાંબા નિરંતર દૈનિક રેકોર્ડને એકઠો કરે છે.

[IV] એવરશેડ પ્રભાવ જે ગેસ રેડિયલ પ્રવાહના કારણે સનસ્પોટમાં જોવા મળે છે. તેની ખોજ 1909 માં KSO એ કરી હતી.

* તાઈવાનમાં 7.2ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો.

[I] તાઈવાનમાં આવેલ આ ભૂકંપથી અનેક ઈમારતો ધરાશાયી પડી અને સમગ્ર દ્વીપ પ્રભાવિત થયો.

[II] ભૂકંપ બાદ તાઈવાન, જાપાન અને ફિલિપાઈન્સના અધિકારીઓએ તટીય ક્ષેત્રમાં નાગરિકોને સુનામીની ચેતવણી આપી હતી. આ ભૂકંપ છેલ્લા 25 વર્ષનો સૌથી શક્તિશાળી ભૂકંપ હતો. 1999માં 7.6 નો ભૂકંપ આવ્યો હતો.

## ભૂકંપ.

- ટેક્ટોનિક પ્લેટોની ગતિના કારણે ઉદ્ભવે.
- પશ્ચિમ હિમાલય વિશ્વનું સૌથી ખતરનાક ભૂકંપીય ક્ષેત્ર છે.

Current Affairs By C.H.Shingala GPSC

# [*] 5 એપ્રિલ-2024 [*]

## [*] નેશનલ ફેમ એવોર્ડ-2024 ડૉ. કાર્તિક કોમ્મુરી.

[I] ડૉ. કોમ્મુરીને ધ ક્લબ, મુંબઈમાં આયોજિત નેશનલ ફેમ એવોર્ડ્સ-2024માં પ્રતિષ્ઠિત ઓવરઓલ ડેન્ટલ સ્પેશ્યાલિસ્ટ (ઓર્થોડોન્ટિક્સ અને ઓરોફેશિયલ પેન)ની ઉપાધિથી સન્માનિત કરાયા.

[II] ઉત્કૃષ્ટ રોગોની હેલ્થકેર કરવા માટેની ડૉ. કોમ્મુરીની આધુનિક દંત ચિકિત્સા એક વિશેષ ઉદાહરણ છે.

[III] બ્રાંડ્સ ઇમ્પેક્ટની પહેલ, નેશનલ ફેમ એવોર્ડ્સ એવા અસાધારણ વ્યક્તિઓ અને સંગઠનોને માન્યતા આપે છે જેઓનો પ્રસિદ્ધી અને હિસાબ્યાથી લોકપ્રિયતા હોય.

## [*] આંતરરાષ્ટ્રીય ખાણકામ જાગૃતિ દિવસ - 4 એપ્રિલ.

[I] ખાણ ઓળખવા પ્રવૃત્તિ, ભૂમિ ખાણકામ પ્રવૃત્તિ સામે રહેલ જોખમો અને તેમના કામને પ્રોત્સાહિત કરવા આ દિવસ મનાવાય છે.

[II] 8 ડિસે. 2005એ UN મહાસભાએ ખાણકામ જાગૃતતા અને સહાયતા માટે આ દિવસની જાહેરાત કરી હતી અને પ્રથમવાર 2006માં મનાવાયો હતો.

[III] ડેનિયલ ક્રેગ ખાણ અને વિસ્ફોટક જોખમો સાથે જોડાયેલ UNના પ્રથમ વકીલ હતા.

[IV] 2024ની થીમ - 'જીવનની રક્ષા, શાંતિનું નિર્માણ'

Current Affairs By C.H.Shingala GPSC

## [*] કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે My CGHS IOS એપ લોન્ચ કરી.

[I] કેન્દ્રીય સરકાર સ્વાસ્થ્ય યોજના (CGHS) એપનો ઉદ્દેશ્ય લાભાર્થીઓની ઈલેક્ટ્રોનિક સ્વાસ્થ્ય રેકોર્ડ, ડેટા અને સંસાધનો સુધી પહોંચવાનો છે.

[II] રાષ્ટ્રીય સૂચના વિજ્ઞાન કેન્દ્ર, હિમાચલ પ્રદેશ અને NIC સ્વાસ્થ્ય ટીમ દ્વારા આ એપ તૈયાર કરવામાં આવી છે.

[III] My CGHS એપમાં મળતી સુવિધાઓ.

- (A) ઓનલાઈન એપોઈન્ટમેન્ટ
- (B) CGHS કાર્ડ ડાઉનલોડ
- (C) લેબોરેટરીની સુવિધા
- (D) દવાની History
- (E) રેફરન્સ વિવરણ
- (F) આસપાસના દવાખાનાની માહિતી
- (G) સમાચાર અને મુખ્ય બાબતો
- (H) હોસ્પિટલોના સંપર્ક નંબર.

[IV] સચિવ શ્રી અપૂર્વ ચંદ્રા દ્વારા લોન્ચ થયેલ આ એપમાં 2-step-verification, MPIN, જેવી સુરક્ષાઓ અપાશે.

## [*] અહોબિલમ તીર્થ પર જનાર યાત્રિઓ પર પ્રતિબંધ.

[I] વન વિભાગ અને શ્રી લક્ષ્મી નરસિંહા સ્વામી દેવસ્થાનમે અહોબિલમ મંદિરમાં આવનાર પર પ્રતિબંધ મૂક્યા.

[II] આ પ્રતિબંધ તીવ્ર ગરમીની લહેરોના કારણે લગાવાયો છે જે જંગલી પ્રાણીઓને આવાસોને પ્રભાવિત કરી શકે છે. પ્રાણીઓની સુરક્ષા માટે સરકારે પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂક્યો છે.

• <u>અહોબિલમ તીર્થ</u> •

→ આંધ્રપ્રદેશમાં નલ્લામાલા જંગલમાં નરસિંહાની પૂજાનું કેન્દ્ર સ્થાન.

→ અહોબિલમ તીર્થ 9 અલગ અલગ મંદિરોથી બનેલું છે.

Current Affairs By C.H. Shingala © GPSC

[*] ભારત સરકારે અરૂણાચલમાં સ્થાનોના નામ બદલવાના ચીનના 'મૂર્ખતાપૂર્ણ પ્રયાસોને' ખારીજ કર્યો.

[I] ચીની નાગરિક મામલાના મંત્રાલયે જંગનાન (અરૂણાચલ પ્રદેશનું ચીની નામ)ના માનકીકૃત ભૌગોલિક નામોની ચોથી યાદી બહાર પાડી. જેમાં ચીને અરૂણાચલના 30 સ્થળોના નામ બહાર પાડ્યા.

[II] એપ્રિલ 2023માં ચીને અરૂણાચલના 11 સ્થાનોના નામોની ત્રીજી યાદી બહાર પાડી હતી.

• ચીન અરૂણાચલ પ્રદેશ પર કેમ દાવો કરે છે? •

(A) ચીન સમગ્ર અરૂણાચલ પ્રદેશને 'દક્ષિણ તિબ્બત' તરીકે દાવો કરે છે જેને ચીની ભાષામાં 'જંગનાન' કહેવામાં આવે છે.

(B) ચીનની મુખ્ય દિલચસ્પી તવાંગ જિલ્લો છે. જે અરૂણાચલના ઉત્તર-પશ્ચિમી ક્ષેત્રમાં છે અને ભૂતાન અને તિબ્બતની સીમા પર છે. તવાંગ, તિબ્બત અને બ્રહ્મપુત્ર ઘાટી વચ્ચે એક મહત્વપૂર્ણ બિંદુ છે.

(C) તવાંગ ગાદેન નામગ્યાલ લ્હાત્સે (તવાંગ મઠ) તિબ્બતી બૌદ્ધ ધર્મનું વિશ્વનું બીજુ સૌથી મોટું મઠ છે. ચીનનો દાવો છે કે તવાંગ જિલ્લોના આ મઠ તિબ્બતનો હિસ્સો છે.

(D) મેકમોહન રેખા પૂર્વી ક્ષેત્રમાં તિબ્બતને ભારતથી અલગ કરે છે.

Current Affairs By C.H.Shingala GPSC

[*] બિંદ્યારાણી દેવીને વેઈટલિફ્ટમાં વિશ્વકપમાં કાંસ્ય મેડલ.

[I] તેમણે 55kg સ્પર્ધામાં આ મેડલ મેળવ્યો.

[II] તેમણે કુલ 196kg (83+113) વજન ઉપાડી કાંસ્ય મેળવ્યો.

[III] મહાદ્વીપીય, વિશ્વકપ અને વિશ્વ ચેમ્પિયનશિપ પ્રતિયોગિતામાં સ્નેચ, ક્લીન એન્ડ જર્ક અને કુલ લિફ્ટનાં અલગ અલગ મેડલ અપાયા.

# One Liner News



(A) INSA અને NCGG સંયુક્ત રીતે 1-7 એપ્રિલ 2024 LEADS (લીડ્સ) કાર્યક્રમ આયોજિત કરશે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રમાં ભવિષ્યના લીડરને સશક્ત બનાવવાનો છે.

(B) 10,000 મેગાવોટ નવીનીકરણીય ઊર્જા ક્ષમતા વાળી પ્રથમ ભારતીય કંપની અદાણી ગ્રીન બની.

(C) HAL નિર્મિત ડોર્નિયર 228ની ભારતે ગુયાનાને આપૂર્તિ કરી.

(D) નાણાકીય વર્ષ 2024માં રૂ.199 લાખ કરોડના UPI લેનદેન પ્રક્રિયા કરવામાં આવ્યું.

(E) વિશ્વની સૌથી વયોવૃદ્ધ વ્યક્તિ જુઆન વિસેંટ પેરેજ મોરા નું <u>114 વર્ષની વયે</u> નિધન થયું.

(F) 2029-30 સુધીમાં ભારત પોતાનું પ્રબંધિત રણનીતિક પેટ્રોલિયમ રિઝર્વ (SPR) બનાવવાની યોજના તૈયાર કરી રહ્યું છે.

(G) અબ્દેલ ફતહ અલ-સિસીએ સંસદ સમક્ષ મિશ્રના રાષ્ટ્રપતિના રૂપમાં તેમના ત્રીજા કાર્યકાળના શપથ લીધા.

(H) સંતોષ કુમાર ઝા કોંકણ રેલવે કોર્પોરેશનના નવા CMD બન્યા.

(I) સોરિન ઇન્વેસ્ટમેન્ટ ફંડના અધ્યક્ષ સંજય નાયરને 2024-25 માટે એસોચેમના અધ્યક્ષ નિયુક્ત કરાયા.

Current Affairs By C.H.Singala
GPSC

# * 6 એપ્રિલ- 2024 *

**(*) કેન્દ્ર બાળકના જન્મ નોંધણીમાં માતા-પિતાનો ધર્મ અલગ અલગ રીતે દર્શાવશે.**

(I) કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તૈયાર કરેલ મોડલ નિયમો અનુસાર, માતા-પિતાને બાળકના જન્મની નોંધણી સમયે બાળકના માતા અને પિતા બંનેનો ધર્મ અલગ-અલગ દર્શાવાશે. જો કે આ નિયમ લાગૂ કરતા પહેલા રાજ્ય સરકારો દ્વારા તેને સ્વીકારવો અને અધિસૂચિત કરવો પડશે.

(II) અગાઉ જન્મ રજિસ્ટરમાં માત્ર પરિવારનો ધર્મ લખવામાં આવતો. હવેથી 'ફોર્મ નંબર-1 જન્મ રિપોર્ટ' માં બાળકના ધર્મ માટે અલગ કોલમ તરીકે 'પિતાનો ધર્મ' અને 'માતાનો ધર્મ' ઉમેરાયા.

(III) દત્તક લેવાયેલા બાળકમાં પણ આ નિયમ લાગૂ પડશે. 11 ઓગસ્ટ 2023 એ સંસદ દ્વારા પસાર થયેલ જન્મ અને મૃત્યુ નોંધણી (સંશોધન) અધિનિયમ, 2023 અનુસાર, જન્મ અને મૃત્યુના ડેટાને રાષ્ટ્રીય સ્તરે તૈયાર કરાશે.

(IV) આ ડેટાનો ઉપયોગ રાષ્ટ્રીય જનસંખ્યા રજિસ્ટર (NPR), મતદાતા યાદી, આધાર સંખ્યા, રાશનકાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાયસન્સ, સંપત્તિ નોંધણી વગેરે માટે કરી શકાશે.

**(*) 'હલ્દીરામ' ટ્રેડમાર્ક બાબતે દિલ્હી HC નો ચુકાદો**

(I) દિલ્હી HC એ હલ્દીરામને ભોજનાલય, રેસ્ટોરાં અને ખાદ્ય પદાર્થ સંબંધિત પ્રસિદ્ધ ટ્રેડમાર્ક હોવાનો ચુકાદો આપ્યો. હલ્દીરામનું ચિહ્ન અને લોગો 1960ના દશકથી ઉપયોગમાં લેવામાં આવે છે.

(II) હાલમાં હલ્દીરામ ઈન્ડિયાએ પોતાની બ્રાન્ડની સુરક્ષા માંગ સાથે માંગણી કરી હતી જેમાં હલ્દીરામ ભુજિયાવાલા' ટ્રેડમાર્ક અધિનિયમ, 1999 નો ઉલ્લેખ કરાયો હતો.

(III) હલ્દીરામે હરિયાણાના અંબાલા શહેરમાં નકલી 'હલ્દીરામ ભુજિયાવાલા' નામથી ઉત્પાદિત વસ્તુઓ પર પ્રતિબંધની માંગ કરી હતી.

(IV) ટ્રેડમાર્ક એક વિશિષ્ટ ચિહ્ન/સંકેત છે જેનો ઉપયોગ કોઈ વ્યાવસાયિક સંગઠન કરી શકે છે.

Current Affairs By C.H.Shingala GPSC

**(*) વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને SARAH લોન્ચ કર્યું.**

(I) આ એક ડિજિટલ સ્વાસ્થ્ય પ્રવર્તક પ્રોટોટાઈપ છે. જેમાં સહાનુભૂતિપૂર્ણ પ્રતિક્રિયાને વધારવામાં આવી છે જે AI સંચાલિત છે.

(II) આ ડિવાઈસ સ્વાસ્થ્ય વિષયો પર 8 ભાષામાં ઉપયોગકર્તાને 24 કલાક વ્યસ્ત રાખી શકે છે અને સલાહ આપી શકે છે.

(III) આખી દુનિયામાં કેન્સર, હૃદયરોગ, ફેફસાંની બિમારી, મધુપ્રમેહને દૂર કરવાના પ્રયત્નો કરવા તે સક્ષમ છે.

(IV) SARAH વિશ્વ સ્વાસ્થ્ય દિવસ ૨૦૨૪ (7 એપ્રિલ) ની ઉજવણીના ભાગરૂપે લોન્ચ કરાયું છે.

**(*) ભારતના પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહ રાજ્યસભાથી નિવૃત્ત થયા.**

Current Affairs By C.H.Shingala GPSC

(I) મનમોહન સિંહે ઉચ્ચ સદનમાં 33 વર્ષ લાંબો સંસદીય સમય પૂરો કર્યો. તેમણે 1991માં પ્રથમ વાર રાજ્યસભામાં સામેલ થયા હતા.

(II) મનમોહન સિંહને પૂર્વ પ્રધાનમંત્રી ભારત રત્ન પી.વી. નરસિમ્હારાવ સાથે ઉદારીકરણ, વેપારીકરણ અને વૈશ્વિકીકરણની 1991 ની નીતિના સાથીદાર માનવામાં આવે છે. તેઓ 1991 થી 96 સુધી નાણામંત્રી અને 2004 થી 14 સુધી પ્રધાનમંત્રી રહ્યા.

(III) તેમના પ્રધાનમંત્રી તરીકેના કાર્યકાળમાં મનરેગા અને દરેક બાળકને શિક્ષણના અધિકાર જેવી યોજનાઓ અમલમાં મુકવામાં આવી.

(IV) તેમના સમયમાં DBT અને આધાર સહિતના સુધારાઓ રજૂ કરાયા હતા.

# * 7 એપ્રિલ-2024 *

**(*) કેન્સરના ઈલાજ માટે ભારતની પ્રથમ ઘરેલૂ જીન થેરેપી રાષ્ટ્રપતિએ લોન્ચ કરી.**

(I) રાષ્ટ્રપતિ મુર્મૂએ IIT બોમ્બે ખાતે આ થેરેપી શરૂ કરી. અને ઉપચારની આ પદ્ધતિને 'CART-T સેલ થેરેપી' નામ આપવામાં આવ્યું. જે એક ઘરેલૂ જીન થેરેપી છે.

(II) આ ઉપચાર સુલભ અને સસ્તો છે, આથી સંપૂર્ણ માનવજાતિ માટે એક આશાનું કિરણ બનશે. આ સુવિધા વિકસિત દેશોમાં આંદાજે 4 કરોડમાં ઉપલબ્ધ છે ત્યારે ભારતમાં માત્ર 3.30 લાખમાં ઉપચાર થશે.

(III) કાઈમેરિક એન્ટીજન રિસેપ્ટર (CAR) ટી-સેલ થેરેપી એક પ્રયોગશાળામાં પરિવર્તન કરી કેન્સર સામે લડવા માટે T-સેલ (રક્તની સફેદ કોશિકાઓ) નામક કોષોને પ્રાપ્ત કરી કેન્સરના કોષોને નષ્ટ કરે છે.

**(*) દક્ષિણી મહાસાગરમાં પૃથ્વીની સૌથી સ્વચ્છ હવા હોવાનું કારણ વૈજ્ઞાનિકોએ મેળવ્યું.**

(I) માનવીય હસ્તક્ષેપ ઓછો હોવાથી હવામાં શુદ્ધતા જોવા મળે છે પરંતુ સમુદ્રી સ્પ્રે અને ધૂળ જેવા એરોસોલના કારણે અમુક પ્રમાણમાં પ્રદૂષણ જોવા મળે છે.

(II) હાલના અભ્યાસ અનુસાર વાદળ અને વરસાદ વાતાવરણને સ્વચ્છ રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. દ. મહાસાગર પૃથ્વી પર સૌથી વધુ વાદળો ધરાવતું સ્થાન છે. જ્યાં વારંવાર છોટા સ્વરૂપે વર્ષા જોવા મળે છે જે અન્ય ક્યાંય જોવા મળતી નથી.

(III) વાદળીમાંથી સૂર્યપ્રકાશ પરાવર્તિત થઈ જવાના કારણે અહિંનું વાતાવરણ ઠંડુ જોવા મળે છે. અને છોટા સ્વરૂપનો વરસાદ હવામાંથી એરોસોલના કણોને ધોઈ નાખે છે. અને વાતાવરણને સાફ બનાવે છે.

Current Affairs By C.H.Shingala

## [*] OpenAI એ વોયસ ક્લોનિંગ ટૂલ 'વોયસ એન્જિન' બનાવ્યું

[I] પ્રસિદ્ધ કૃત્રિમ બુદ્ધિમત્તા કંપની ઓપન AI નું આ ડિવાઈસ વ્યક્તિના માત્ર 15 સેકન્ડના રેકોર્ડ થયેલા અવાજ માટે સક્ષમ છે.

[II] ડિવાઈસની મદદથી કોઈ પણ વ્યક્તિના અવાજને રેકોર્ડ થયેલ ક્લિપને આપી શકાય છે. પરંતુ હાલ ડિવાઈસમાં સંભવિત દુરુપયોગને ધ્યાને રાખતા નિશ્ચિત પ્રમાણમાં જ ઉપયોગ થઈ શકશે.

[III] વોયસ એન્જિનના શરૂઆતી પરીક્ષણમાં વ્યક્તિના પ્રતિરૂપણ અગાઉ સહમતિ તથા તે અવાજના ઉપયોગનો ખુલાસો આપવા જેવી બાબતો સમાવિષ્ટ છે.

## [*] રાષ્ટ્રીય હસ્તનિર્મિત દિવસ - 6 એપ્રિલ, ૨૦૨૪

[I] દર વર્ષે રાષ્ટ્રીય હસ્તનિર્મિત દિવસ એપ્રિલ માસના પ્રથમ શનિવારે મનાવાય છે. જે હસ્તનિર્મિત સામાન બનાવનાર લોકોના કૌશલ્ય અને સમર્પણને સન્માનિત કરવાનો ઉદ્દેશ્ય દર્શાવે છે.

[II] આ દિવસ નાના વ્યવસાયોને મહત્વ આપવા તથા અર્થવ્યવસ્થામાં તેમના યોગદાનને બિરદાવે છે. વર્ષ 2024 ની થીમ - 'હસ્તનિર્મિત ઉત્પાદન ખરીદો!'

[III] ૨૦૧૭માં એમી બ્રિઓરસ્ટેડે આ દિવસની ઉજવણીની માંગ કર્યા બાદ ૨૦૧૮થી સરકાર ઉજવણીની શરૂઆત કરી.

[IV] હસ્તકલામાં માટીના વાસણ, શિલ્પ, કાપડ, ચિત્ર વગેરેને સમાવાય છે.

Current Affairs By C.H.Shingala

**(*) એસજેવીએન લિમિટેડે 15મી સીઆઈઆઈ-સીઆઈ-સી સિધ્ધકર્મ પુરસ્કાર, 2024 માં બે પુરસ્કાર મેળવ્યા.**

(I) એસજેવીએનને સામાજિક વિકાસ અને પ્રભાવ સ્થાપિત કરવા માટે આ પુરસ્કાર અને સીઆઈઆઈ પાર્ટનર્સ ઈન પ્રોગ્રેસ ટ્રોફીથી સન્માનિત કરાયા.

(II) એસજેવીએન લિ. સતત ત્રીજા વર્ષે આ પુરસ્કાર મેળવ્યો.

(III) આ પુરસ્કાર નિર્માણ ઉદ્યોગ વિકાસ પરિષદ દ્વારા અપાયો. જેની સ્થાપના ભારતીય નિર્માણ ઉદ્યોગ સાથે સંયુક્ત રીતે યોજના આયોગ, નીતિ આયોગે કરી હતી.

• એસજેવીએન LTD •

→ અગાઉ સતલુજ જલ વિદ્યુત નિગમથી ઓળખાતી સાર્વજનિક ક્ષેત્રની સંસ્થા છે.

→ પાણીથી વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન કાર્ય સાથે જોડાયેલ.

→ ભારત સરકાર અને હિમાચલ પ્રદેશ સરકારનું સંયુક્ત સાહસ

## One Liner News

(A) લેન્સેટના અધ્યયન અનુસાર, 2021માં કોવિડ-19 વિશ્વ સ્તરે મૃત્યુનું બીજું મુખ્ય કારણ બન્યું.

(B) ભારતે ગાઝા યુદ્ધવિરામ અને ઈઝરાયલ વિરુદ્ધ હથિયાર પ્રતિબંધના આહ્વાન પર સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં મતદાનમાં ભાગ લેવા ઈનકાર કર્યો.

(C) દૂરસંચાર વિભાગે IIT મદ્રાસમાં 5G કાર્યશાળા દરમિયાન 100 5G લેબ માટે પ્રાયોગિક લાયસંસ મોડ્યૂલ લોન્ચ કર્યું.

(D) રાકેશ મોહન - વિશ્વ બેંક આર્થિક સલાહકાર પેનલના સદસ્ય બનાવાયા

# [*] ૬ એપ્રિલ - ૨૦૨૪ [*]

**[*] રોમાનિયાએ દુનિયાનું સૌથી શક્તિશાળી લેસર સક્રિય કર્યું.**

[I] એન્જિનિયર એન્ટોનિયા ટોમાએ રોમાનિયાના એક સંશોધન કેન્દ્ર ખાતે આ સફળતા મેળવી.

[II] આ લેસર સ્વાસ્થ્યથી લઈ અંતરિક્ષમાં દરેક વસ્તુમાં ક્રાંતિકારી પ્રગતિનું કારણ બનશે. આ લેસરનું સંચાલન ફ્રાંસીસી કંપની થેલ્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

[III] LASER - Light Amplification by Stimulated Emition of Radiation.

**[*] ફોર્બ્સે 38મી વાર્ષિક વિશ્વ અબજપતિઓની યાદી જાહેર કરી.**

[I] 2024ની યાદીમાં અબજપતિઓનો વધારો થયો તથા હાલ ૨૭૮૧ અબજપતિઓ નોંધાવામાં આવ્યા, ૨૦૨૪ની યાદીમાં ૨૦૨૧ની સાપેક્ષે ૨૬ નવા અબજપતિઓ જોડાયા જેની સંપત્તિ 1.1 ટ્રિલિયન ડોલરથી વધુ છે.

[II] વિશ્વમાં 813 અબજપતિ સાથે અમેરિકા પ્રથમ છે. ચીન (473) બીજા સ્થાને ભારત (૨૦૦) ત્રીજા સ્થાને છે.

**વિશ્વના ટોચના 10 અબજપતિઓ**

1. બર્નાર્ડ આરનોલ્ટ એન્ડ ફેમિલી (LVMH)
2. એલન મસ્ક (ટેસ્લા, સ્પેસએક્સ)
3. જેફ બેઝોસ (એમેઝોન)
4. ઝુકરબર્ગ - (FB)
5. લેરી એલિસન - (ઓરેકલ)
6. વોરેન બફેટ (બર્કશાયર હેથવે)
7. બિલ ગેટ્સ - (માઈક્રોસોફ્ટ)
8. સ્ટીવ બાલ્મર (માઈક્રોસોફ્ટ)
9. મુકેશ અંબાણી (રિલાયન્સ)
10. લેરી પેજ (ગૂગલ)

## [✱] વિશ્વ સ્વાસ્થ્ય દિવસ - 7 એપ્રિલ

[I] વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની સ્થાપના દિવસને ચિહ્નિત કરવા માટે (1948) આ દિવસ મનાવાય છે.

[II] આ દિવસ વૈશ્વિક સ્વાસ્થ્ય બાબતોમાં જાગૃતતા લાવવા અને કલ્યાણના મહત્વને ઉજાગર કરવા માટે આ દિવસ મનાવાય છે.

[III] વર્ષ 2024ની થીમ - 'મારૂ સ્વાસ્થ્ય, મારો અધિકાર'

[IV] WHO એક સ્વાયત્ત સંગઠન છે. જે વૈશ્વિક સ્તરે સ્વાસ્થ્ય સંબંધી બાબતોએ UN માટે કાર્ય કરે છે.

[V] WHOના કાર્યોની દેખરેખ માટે વિશ્વ સ્વાસ્થ્ય સભા (WHA)નું ગઠન કરાયું છે. જેણે 2020ના વર્ષને નર્સ અને મિડવાઈફના આંતરરાષ્ટ્રીય વર્ષ જાહેર કર્યું હતું.

Current Affairs By C.H.Shingala

## [✱] ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાનો પ્રારંભ થયો.

[I] ભગવાન શિવના પ્રસ્વેદ બિંદુમાંથી અવતરેલ રેવા/નર્મદા/સમોદ્ભવા/પુણ્ય સલીલાથી પ્રખ્યાત નર્મદા ઉત્તરમાં વહે છે અને કોઈ પણ નદીનો ઉત્તરી પ્રવાહ અત્યંત પવિત્ર માનવામાં આવે છે. (વિશ્વની એકમાત્ર નદી જેની ભાવિકો પગપાળા પરિક્રમા કરે)

[II] નર્મદા MPના મંડલા પાસે 42 km, ઓમકારેશ્વર નજીકનો વિસ્તાર અને નર્મદા જિલ્લાના રામપુરાથી તિલકવાડા વચ્ચે 16 km નો પટ ઉત્તરદિશામાં વહે છે.

[III] ચૈત્ર માસમાં પંચકોશી પરિક્રમા આયોજિત થાય છે.

[IV] નર્મદાથી પૂર્ણ પરિક્રમા શાસ્ત્રોક્ત પરિક્રમા કહેવાય છે જે 3 વર્ષ, 3 માસ, 13 દિવસ ચાલે છે. તેમાં એક ચાતુર્માસ દરમિયાન પરિક્રમાવાસીઓ તે સ્થળે રોકાય છે. ભાવિકો સમયના અભાવે રોજના 35 km ચાલી 3થી4 માસમાં યાત્રા પૂર્ણ કરે છે.

**(✱) કાશ્મીરની જસરાની બિલ્કિસ મીર ઓલિમ્પિક માં પ્રથમ ભારતીય મહિલા જૂરી સદસ્ય બની ઈતિહાસ રચ્યો.**

(I) બિલ્કિસને કાશ્મીર ઘાટીની એકલા ઘુમનથી ઓળખવામાં આવે છે. જેઓએ ક્યાકિંગ અને કૈનોઈંગમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

(II) જૂરી સદસ્ય તરીકેની પસંદગી તેમના કરિયરની શાનદાર શરૂઆત માનવામાં આવે છે. અગાઉ તેમણે કેનોઈંગમાં ભારતીય ઓલિમ્પિક સંઘનું પ્રતિનિધિત્વ અને મહિલાઓની રાષ્ટ્રીય ટીમના કોચ તરીકે કામ કર્યું હતું.

(III) ચીનના હાંગઝૂમાં 19માં એશિયાઈ ગેમ્સમાં એકમાત્ર ભારતીય મહિલા જૂરી તરીકે તેઓએ 2022માં યોગદાન આપ્યું હતું.

Current Affairs By C.H.Shingala
Crack GPSC

**(✱) મહારાષ્ટ્રના પૂણેમાં યોગ મહોત્સવનું આયોજન થયું**

(I) આંતરરાષ્ટ્રીય યોગ દિવસની 75 દિવસની ઉલટી ગણતરી સ્વરૂપ આ આયોજન વાડિયા કોલેજ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ, પૂણે ખાતે થયું.

(II) આ આયોજન મોરારજી દેસાઈ રાષ્ટ્રીય યોગ સંસ્થાન અને રાષ્ટ્રીય પ્રાકૃતિક ચિકિત્સા સંસ્થાન, આયુષ મંત્રાલય, ભારત સરકાર દ્વારા સંયુક્ત રીતે કરાયું છે.

(III) આયોજનમાં 5000 થી વધુ યોગ સાધકો ભાગ લેશે અને સ્વસ્થ જીવન માટે સરળ અને પ્રભાવી યોગનું મહત્વ અંકિત કર્યો.

કરન્ટ અફેર્સ
Crack GPSC
Daily કરન્ટ અફેર્સ PDF આપને ટેલિગ્રામ ચેનલમાં મળશે.
/CrackGPSCapp

# [*] ૧ એપ્રિલ - ૨૦૨૪ [*]

**[*] પીટર પેલેગ્રિની સ્લોવાકિયામાં રા.પતિની ચૂંટણીમાં વિજેતા જાહેર થયા.**

[I] પીટરે વિપક્ષી ઉમેદવાર ઈવાન કોરકોકને હાર આપી. પીટરને પ્રધાનમંત્રી રોબર્ટ ફિકોના નજીકી સહયોગી માનવામાં આવે છે. આ ચૂંટણીમાં પીટરને 53% જ્યારે ઈવાનને 47% મત મળ્યા.

[II] પીટર જુઝના કાપુતોવાનું સ્થાન લેશે. જેમણે બીજીવાર ચૂંટણી ન લડવાની જાહેરાત કરી હતી.

[III] રાષ્ટ્રપતિ સ્લોવાકિયામાં સંસદીય ચૂંટણી બાદ પ્રધાનમંત્રીની પસંદગી કરે છે અને નવી સરકારને શપથ અપાવે છે. તથા ન્યાયાલયના ન્યાયાધીશોની નિયુક્તિ કરે છે.

• સ્લોવાકિયા •

→ મધ્ય યુરોપનો દેશ છે.

→ ઉત્તરમાં પોલેન્ડ, પૂર્વમાં યુક્રેન, દક્ષિણમાં હંગેરી, પશ્ચિમમાં ઓસ્ટ્રિયા અને ઉત્તર-પશ્ચિમમાં ચેક ગણરાજ્યની સરહદ સ્પર્શે.

→ રાજધાની - બ્રાતિસ્લાવા

→ એકાત્મક સંસદીય ગણતંત્ર પ્રણાલી.

**[*] પૂર્વ CJI રંજન ગોગોઈએ 'ન્યાયિક સક્રિયતા' અને 'ન્યાયિક અતિરેક' વચ્ચેના ભેદની ચર્ચા કરી.**

[I] ન્યાયિક સક્રિયતા અને ન્યાયિક અતિરેક વચ્ચે અંતર આપતા તેમણે કહ્યું કે ન્યાયપાલિકાની જવાબદારી છે કે તેણે એ જાણવું જોઈએ કે ક્યારે બદલાવ માટે ઉત્પ્રેરક તરીકે કામ કરવું અને ક્યારે યથાસ્થિતિમાં રહેવું.

[II] તેઓએ ન્યાયિક પ્રક્રિયાને બદલતા સમયને અનુરૂપ ઢાળવાની આવશ્યકતાને પણ રેખાંકિત કરી. તેઓના મતે ન્યાયિક સક્રિયતા, ન્યાયિક અતિરેક સમાન નથી. ન્યાયિક સક્રિયતા શાંતિદૂત છે અને બીજો અતિક્રમણકારી છે.

[III] તેઓના મતે જનહિત યાચિકાના આગમનથી કાનૂની પ્રક્રિયામાં એક ક્રાંતિકારી બદલાવને ચિહ્નિત કરે છે. પરંતુ ઘણીવાર જનહિત યાચિકા બેધારી તલવાર તરીકે કામ કરે છે.

[IV] એક રીતે PIL પર્યાવરણ સંરક્ષણ, માનવાધિકાર અને સરકારી જવાબદેહી સહિત વિભિન્ન ક્ષેત્રમાં ઐતિહાસિક પરિવર્તન લાવવામાં સહાયક છે જ્યારે બીજી તરફ PIL દ્વારા પ્રદાન થયેલ વ્યાપક છૂટને ક્યારેક ન્યાયિક અતિરેકના રૂપમાં જોવા મળે છે. અને ઘણીવાર રાજનૈતિક નૈતિકતાને નુકશાન પહોંચાડે છે.

**[*] નેપાળ સેના માઉન્ટ એવરેસ્ટથી કચરો એકઠો કરવા અભિયાન ચલાવશે.**

[I] નેપાળ સેના પર્વતીય સફાઈ અભિયાન-૨૦૨૪ના ભાગરૂપે માઉન્ટ એવરેસ્ટ પર પડેલ લગભગ 10 ટન કચરો અને પાંચ શબ એકઠા કરશે.

[II] મેજર આદિત્ય કાર્કીના નેતૃત્વમાં 12 સદસ્યના દળ સાથે 14 એપ્રિલથી તેમની યાત્રા શરૂ કરશે. અને ટીમ દ્વારા માઉન્ટ એવરેસ્ટ, માઉન્ટ લ્હોત્સે અને માઉન્ટ નુપ્ત્સેથી કચરો ભેગો કરશે.

[III] બાયોડિગ્રેડેબલ કચરાને બેઝ કેમ્પ નીચે નામચા બજારમાં લાવવામાં આવશે અને ઉચિત ઉપચાર માટે સાગરમાથા પ્રદૂષણ નિયંત્રણ સમિતિને સોંપવામાં આવશે.

[IV] નેપાળ સેના આ અભિયાન વન અને પર્યાવરણ મંત્રાલય, પર્યટન વિભાગ અને નેપાળ પર્વતારોહી સંઘ સાથે મળીને એવરેસ્ટ ક્ષેત્રની સફાઈ અભિયાન ચલાવશે.

[V] હિમાલયક્ષેત્રમાં પ્લાસ્ટિક કચરો એક મોટી સમસ્યા છે. તથા પ્લાસ્ટિક નષ્ટ થવામાં 400થી વધુ વર્ષ લાગે છે.

Current Affairs By C H Shingala

**[*] મરાઠી સાઈનબોર્ડ વાળી મુંબઈની દુકાનો પર BMC બમણો સંપત્તિ કર લગાવશે.**

[I] બૃહદમુંબઈ નગર નિગમ, 1 મે 2024 થી મુંબઈમાં મરાઠી દેવનાગરી લિપિ સાઈનબોર્ડના વગરની દુકાનો પર ડબલ ટેક્સ લગાવશે.

[II] BMC ના નવા નિયમાનુસાર તેઓ મરાઠી અક્ષરવાળા સાઈનબોર્ડ ન લગાવવા પર દુકાનના લાયસન્સ રદ કરવામાં આવશે.




[III] સુપ્રીમ કોર્ટના નિર્દેશ અને મહારાષ્ટ્ર દુકાન અને સંસ્થાનના નિયમોના ફેરફાર અનુસાર દુકાનદારોને સાઈનબોર્ડ બદલવા 2 માસનો સમય આપ્યો હતો.

**[*] ઝિમ્બાબ્વેએ ZiG નામક નવી સ્વર્ણ-સમર્થિત મુદ્રા શરૂ કરી.**

[I] ZiG નામનો અર્થ 'ઝિમ્બાબ્વે ગોલ્ડ' છે. નવા ZiG બેંકનોટ Z1 અને Z200 વચ્ચેના મૂલ્યવર્ગમાં આવશે.

[II] અમેરિકી સિક્કાની અછત દૂર કરવા સિક્કા જાહેર કરાશે. સંકટથી સંકટ તરફ વધી રહેલ પાછલા 25 વર્ષમાં અર્થવ્યવસ્થાને સ્થિર કરવાનો આ નવીનતમ પ્રયાસ છે.

[III] ZiG એ ઝિમ્બાબ્વે ડોલર, RTGS નું સ્થાન લેશે. જેણે આ વર્ષે અત્યાર સુધીમાં તેના મૂલ્યનું 1/4 હિસ્સો ગુમાવ્યો છે.

[IV] માર્ચમાં વાર્ષિક ફુગાવો 55% પહોંચ્યો જે સાત મહિનાનો સૌથી ઊંચા સ્તરે છે અને ઝિમ્બાબ્વેના નાગરિકો પાસે જૂના ચલણને નવામાં તબદીલ કરવા 21 દિવસનો સમય અપાયો છે.

[V] હાલ અમેરિકી ડોલર, જે 85% લેનદેન માટે જવાબદાર છે, તે કાનૂની ચલણ બની રહેશે. તથા નવી મુદ્રા તત્કાલ પ્રભાવથી જારી કરવામાં આવી શકે છે. અને બેંકો હાલના ઝિમ્બાબ્વે ડોલરને ZiGમાં પરિવર્તિત કરશે.

Current Affairs By C.H.Shingala
GPSC

## * 10 એપ્રિલ- 2024 *

**(*) TASL એ સબ-મીટર રિઝોલ્યૂશન ઓપ્ટિકલ ઉપગ્રહ 'TSAT-1A' ની સફળતાની જાહેરાત કરી.**

I. ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ લિમિટેડે સ્પેસએક્સમાં ફાલ્કન 9 રોકેટની મદદથી અંતરિક્ષમાં સબ મીટર રિઝોલ્યુશન ઓપ્ટિકલ ઉપગ્રહ, TSAT-1A ની જાહેરાત કરી.

II. ઉપગ્રહ ને બેંડવેગન-1 મિશનના ભાગ રૂપે અંતરિક્ષમાં રાખવામાં આવ્યું અને 7 એપ્રિલે કેનેડી સ્પેસ સેન્ટર, ફ્લોરિડા, અમેરિકાથી લોન્ચ કરાયું.

III. આ સફળતા ભારતમાં એક ઉન્નત પૃથ્વી અવલોકન ઉપગ્રહ ને વિકસિત કરવાની અને એકીકૃત કરવા માટે સેટેલાઇટ વિશેષજ્ઞતા અને જટિલ પ્રણાલી એકીકરણ માટેની ક્ષમતાને સહયોગ કરે છે.

**(*) સુમિત નાગલે મોંટે કાર્લો માસ્ટર્સમાં મુખ્ય ડ્રો મેચ જીતનાર પ્રથમ ભારતીય બન્યા.**

I. સુમિતે ઈટલીના 35મી રેન્કિંગવાળા માટેઓ અર્નાલ્ડીને હાર આપી. અને વિજય અમૃતરાજ (1977) તથા રમેશ કૃષ્ણન (1982) બાદ મુખ્ય ડ્રોમાં શામેલ થનાર ત્રીજા ભારતીય બન્યા.

II. તેઓ ક્લે પર માસ્ટર્સ 1000 મેચ જીતનાર પ્રથમ ભારતીય એકલ ખેલાડી બન્યા. તેઓ ભારતીય ટેનિસ ખેલાડી છે. અને વર્તમાનમાં નંબર 1 રેંક ધરાવનાર ભારતીય ખેલાડી છે.

• **મોંટે કાર્લો માસ્ટર્સ** •

→ પુરુષ એક વાર્ષિક ટેનિસ ટૂર્નામેન્ટ જે ફ્રાંસમાં આયોજિત થાય છે.



**(*) ઈગ્લા-એસ વાયુરક્ષા સિસ્ટમ ભારતીય સેનાને મળી.**

I. 100 મિસાઈલ સાથે 24 રશિયન નિર્મિત ઈગ્લા-એસ મેન પોર્ટેબલ એર ડિફેન્સ સિસ્ટમ (MANPADS) ભારતીય સેનાને આપવામાં આવી.

II. આ સિસ્ટમમાં એકલ લોંચર અને એક મિસાઈલ સામેલ છે. પ્રથમ બેચમાં, 2021માં ખૂબ ઓછી સંખ્યામાં ખરીદવામાં આવેલ આ સિસ્ટમ 2023માં 120 લોન્ચર અને 400 મિસાઈલ સાથે ખરીદી.




III. ઈગ્લા-એસ સિસ્ટમ ઉત્તરી સીમા નજીક ઊંચા પહાડી વિસ્તારમાં નવા અધિકૃત વાયુ રક્ષા સંરચનાઓ માટે મહત્ત્વપૂર્ણ થશે.

IV. ભારતીય સેના જૂના ઈગ્લા સિસ્ટમને નવીનતમ લેસર-બીમ રાઈડિંગ અને ઈન્ફ્રારેડ વીએસએસઓરેડ્સ (VSHORADS) થી બદલશે.

Current Affairs C.H.Shingala

**(*) વિશાખાપટ્ટનમમાં નૌસેના ટ્રાન્સમિટિંગ સ્ટેશની 55મી વર્ષગાંઠ મનાવાઈ. (7 એપ્રિલ, 2024)**

I. નૌસેના ટ્રાન્સમિટિંગ સ્ટેશન, વિશાખાપટ્ટનમની આ 55મી વર્ષગાંઠ નિમિત્તે આંતરવિભાગીય રમત સ્પર્ધા, તથા સર્વશ્રેષ્ઠ ઉદ્યાન પ્રતિયોગિતા અને સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું.

II. સમગ્ર કાર્યક્રમના મુખ્ય અતિથિ INSના કમાંડિંગ ઓફિસર હરચી માટન હતા.

ફ્રી સરકારી નોકરી માટેની તૈયારી
Crack GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો. 76000 51070

## [*] હોમિયોપેથિક સંગોષ્ઠી

[I] રાષ્ટ્રપતિ મુર્મુએ 10 એપ્રિલથી બે દિવસ માટેનો આ કાર્યક્રમ યશોભૂમિ કન્વેન્શન સેન્ટર દ્વારકા, નવી દિલ્હીમાં ઉદ્ઘાટિત કર્યો.

[II] આયુષ મંત્રાલયના નેજા હેઠળ કેન્દ્રીય હોમ્યોપેથી અનુસંધાન પરિષદનું આયોજન કરાયું હતું.

[III] થીમ - 'અનુસંધાનને સશક્ત બનાવવું, દક્ષતા વધારવી'.

[IV] કાર્યક્રમનો ઉદ્દેશ્ય સમગ્ર સ્વાસ્થ્ય અને કલ્યાણને પ્રોત્સાહિત કરવાનો તથા હોમિયોપેથી સંસ્થાઓને ઉન્નત તકનીકોના ઉપયોગની દિશામાં આગળ વધારવાનો છે.

[V] વિશ્વ હોમિયોપેથી દિવસ દર વર્ષે 10 એપ્રિલે મનાવાય છે. વર્ષ 2024ની થીમ 'હોમિયોપરિવાર : એક સ્વાસ્થ્ય, એક પરિવાર.'

Current Affairs By C.H.Shingala

## [*] સંગીત નાટક અકાદમી 'શક્તિ - સંગીત અને નૃત્ય'ના ઉત્સવનું આયોજન કરશે.

[I] આ ઉત્સવ 9 થી 17 એપ્રિલ ભારતના આઠ અલગ અલગ શક્તિપીઠો પર દેશમાં મંદિર પરંપરાને પુનર્જીવિત કરવા માટે ઉજવાશે.

[II] આ ઉત્સવની શરૂઆત ગુવાહાટીના કામાખ્યા મંદિરથી થઈ.

[III] મહાલક્ષ્મી મંદિર, કોલ્હાપુર, મહારાષ્ટ્ર, જ્વાલાજી મંદિર, કાંગડા, હિમાચલ, ત્રિપુરા સુંદરી, ઉદયપુર, ત્રિપુરા, અંબાજી, ગુજરાત, જય દુર્ગા શક્તિપીઠ, દેવઘર, ઝારખંડ, હરસિદ્ધિ મંદિર, જયસિંહપુર, ઉજ્જૈન, મધ્યપ્રદેશ. ખાતે આ ઉત્સવ ઉજવાશે.

# [*] 11 એપ્રિલ - 2024 [*]

## [*] 1994ના રવાંડા નરસંહારની યાદમાં કુતુબ મીનારને રોશનીથી સજાવાયું.

[I] કુતુબ મીનારને રવાંડાના રાષ્ટ્રીય ધ્વજના રંગોમાં રોશન કરાયું. 1994માં રવાંડા નરસંહાર પ્રતિ એકતાને પ્રદર્શિત કરવા માટે આ આયોજન કરાયું, જેમાં 8,00,000 લોકોના મૃત્યુ થયા હતા.

[II] કાર્યક્રમમાં વિદેશ મંત્રાલયે દમ્મૂ રવિને કિગાલીમાં નરસંહારના 30માં સ્મરણોત્સવમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું.

[III] રવાંડામાં સશસ્ત્ર હુતુ ચરમપંથિઓએ કરેલા નરસંહારમાં 20મી સદીનો સૌથી ખૂની નરસંહાર માનો એક માનવામાં આવે છે.

[IV] જુલાઈ 1994માં રવાંડા પૈટ્રિયટિક ફ્રંટ (RPF) વિદ્રોહી સમૂહ કિગાલી પર કબ્જો કર્યો હતો.

## [*] ભૂમી ક્ષારણના કારણે ભારતે 1500 વર્ગકિમીથી વધુની ભૂમી ખોઈ.

[I] એક અધ્યયન અનુસાર, ભારતમાં 30% ભૂભાગ સામે સામાન્ય માટીના ધોવાણનો સામનો થઈ રહ્યો છે. 3% ભૂભાગ 'વિનાશકારી' ઉપરની માટીને નુકશાનનો સામનો કરી રહ્યો.

[II] 'ભારતમાં ભૂ-સ્થાનિક મોડલિંગ અને મૃદા ક્ષરણના નકશા' શિર્ષક સાથેના અધ્યયનમાં મુખ્ય લેખક અને શોધક રવિ રાજે આ માહિતી આપી.

[III] ભૂમિ ભાગની ઉપરની માટી જે કૃષિ માટે મહત્વપૂર્ણ છે અને તે છોડના વિકાસ માટે જરૂરી આવશ્યક પોષક તત્વ અને નરમાય માટે જરૂરી છે.

(IV) ભારતના આસામ રાજ્યમાં વિનાશકારી ધોવાણને કારણે લગભગ 300 વર્ગ km અથવા સપાટીનો 31% ભૂમિ નષ્ટ થયેલ જોવા મળી. FAO અનુસાર 2 થી 3cm ઉપરની સપાટી જેની ઊંડાઈ 6cm છે. તે તૈયાર થતા 1000 વર્ષનો સમય લાગે છે.

(V) અધ્યયનમાં માટીના ધોવાણને 6 ભાગમાં વર્ગીકૃત કરવામાં આવ્યું છે. 'મામૂલી' થી 'વિનાશકારી' અને ઓડિશા સમગ્ર ભારતમાં 'વિનાશકારી' ધોવાણનું હોટસ્પોટ છે.

(VI) આ અધ્યયન અનુસાર દેશમાં માટીના ધોવાણમાં અતિ સંવેદનશીલ 20 જિલ્લામાંથી માત્ર 9 તો આસામમાં છે.

## (*) સાઈમન હેરિસ - આયર્લેન્ડના નવા પ્રધાનમંત્રી બન્યા.

(I) સાયમન હેરિસ પ્રધાનમંત્રી તરીકે લિયો વરાડકરનું સ્થાન લેશે. જેમણે વ્યક્તિગત અને રાજનૈતિક કારણોથી પોતાના પદથી રાજીનામું આપ્યું હતું.


(II) આયરિશ સંસદે હેરિસને 88 માંથી 69 મતે જીતાડ્યા. રાષ્ટ્રપતિ માઈકલ ડી. હિગિંસે તેમને શપથ લેવડાવ્યા અને અત્યાર સુધીના તેઓ સૌથી ઓછી ઉંમરના પ્રધાનમંત્રી બન્યા.

(III) કેન્દ્ર-દક્ષિણપંથી ફાઈન ગેલપાર્ટી - જે ત્રણ પક્ષના ગઠબંધનથી બનેલ પક્ષ છે. તેણે વરાડકરના રાજીનામા બાદ નિર્વિવાદ પણે સાયમનની પસંદગી કરી હતી.

ભારતીય બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો આયર્લેન્ડમાંથી લેવામાં આવ્યા છે.

(•) આયરલેન્ડ (•)

→ ઉત્તર-પશ્ચિમી યુરોપનો દેશ છે.
→ રાજધાની ડબલિન
→ એકાત્મક સંસદીય ગણતંત્ર
→ સંસદ-ઓરેક્ટાસથી અને નિચલુંસદન - ડેલ ઈરેન તથા ઉપલુંસદન - સીનાઈ ઈરેનથી ઓળખાય.



Current Affairs By CH.Shingala

## (*) નવવર્ષ ઉગાદિ ઉત્સવ- તેલંગાણા અને આંધ્રપ્રદેશ.

I) દુનિયાભરમાં તેલુગુ ભાષી લોકોને તેલુગુ નવ વર્ષના ઉપલક્ષ્યમાં પારંપરિક ઉત્સાહ અને ઉલ્લાસ સાથે આ તહેવાર મનાવાય છે.

II) હિંદૂ ચંદ્ર કેલેન્ડરની શરૂઆતને આ ઉત્સવ ચિહ્નિત કરે. અને તેલંગાણા, આંધ્રપ્રદેશ તથા કર્ણાટકમાં મનાવાય છે.

III) ઉગાદી હિન્દૂ કેલેન્ડરના પ્રથમ માસ ચૈત્રના પ્રથમ દિવસે મનાવાય છે.

IV) તેલંગાણાના ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં લોકો તેલુગુ કેલેન્ડરના અનુસાર શ્રી 'શોભકૃથુ નામ ઉગાદિ' મનાવે છે. જે ગુડી પડવા, સંવત્સર પડવાથી પણ મનાવાય છે.


V) ગુડી પડવા એ મહારાષ્ટ્રીયનો મુખ્ય ઉત્સવ છે જે ચૈત્ર મહિનાની શરૂઆતનો પ્રથમ દિવસ તરીકે મનાવાય છે.

## (*) વિશ્વ પાર્કિન્સન્સ ડે- 11 એપ્રિલ.

I) વર્ષ 1817માં પાર્કિન્સન્સ વિશે માહિતી આપનાર વૈજ્ઞાનિક જેમ્સ પાર્કિન્સન્સનો જન્મ દિવસ 11 એપ્રિલે થયો જેને વિશ્વ પાર્કિન્સન્સ દિવસથી મનાવાય છે.

II) સામાન્ય રીતે આ રોગ 50 વર્ષથી વધુની વયનાને થાય છે. પરંતુ થોડાં સમયથી યુવાઓમાં વધી રહેલ તેનું પ્રમાણ ચિંતાજનક માનવામાં આવે છે.

III) આ રોગ લોકોમાં અસર કરતો ડિજનરેટિવ ન્યૂરોલોજીકલ ડીસઓર્ડર છે. જેમાં શરીરને જરૂરી એવું મગજનું રસાયણ ડોપામાઈનને રિલીઝ કરતા મગજના કોષો નાશ પામતા, સ્નાયુમાં જકડન, હલનચલનમાં તકલીફ, વિચાર શક્તિમાં ત્રુટિ, ડિસ્કયુઝન પ્રોબ્લેમ, ઊંઘમાં તકલીફ જેવા બને છે.




યુવાનોમાં થતો આ રોગ યંગ ઓનસેટ પાર્કિન્સન્સ રોગ કહેવાય છે.

Current Affairs By C.H.Shingala

# ✱ 12 એપ્રિલ-૨૦૨૪ ✱

**✱ બ્રિટિશ વ્યક્તિ રસ કુક આફ્રિકાની લંબાઈ સુધી દોડનાર પ્રથમ વ્યક્તિ બન્યા.**

I મેરેથોન દોડવીર રસ કુકે 352 દિવસીય યાત્રામાં 16 દેશોની યાત્રા પૂર્ણ કરી સમગ્ર આફ્રિકામાં તેમની દોડ પૂરી કરી.

II એપ્રિલ ૨૦૨૩માં કુકે આફ્રિકાના સૌથી દક્ષિણી બિંદુ, દ.આફ્રિકી ગામ અલ'અગુલહાસ થી પોતાની યાત્રા શરૂ કરી અને 16,000 km થી વધુની યાત્રા કરી પશ્ચિમ તટ પહોંચ્યા.

III કુક નામીબિયા, અંગોલા, કોંગો ગણરાજ્ય, કેમરૂન, નાઈજીરીયા, બેનિન, ટોગો, ઘાના, આઈવરી કોસ્ટ, ગિની, સેનેગલ, મોરિટાનિયા, અલ્જીરિયામાંથી આ યાત્રામાં પસાર થયા.



IV 'હાર્ડેસ્ટ ગીઝર' તરીકે ઓળખાતા કુકે તેમની યાત્રા દરમિયાન ચેરિટી માટે 5 લાખ પાઉન્ડથી વધુની રકમ ભેગી કરી.

Current Affairs By C.H.Shingala

**✱ પ્રોજેક્ટ આકાશતીર - ભારતીય સેના.**

I ભારતીય સેનાએ નિયંત્રણ અને રિપોર્ટિંગ સિસ્ટમ આધારિત પ્રોજેક્ટ આકાશતીર શરૂ કર્યો જેનો મુખ્ય ઉદ્દેશ્ય દળ માટે અભૂતપૂર્વ સ્તરની સ્થિતિજન્ય જાગૃતતા અને નિયંત્રણ સ્થાપવાનો છે.

II આ સિસ્ટમ દેશના વિમાનોની સુરક્ષા નક્કી કરશે જ્યારે નિયંત્રિત હવાઈ ક્ષેત્રમાં શત્રુ વિમાનો પર નજર રાખશે. અને તેનું પ્રથમ ઓર્ડર BEL-ગાઝિયાબાદથી થશે.

III આત્મનિર્ભર ભારત યોજના હેઠળ આ સિસ્ટમ સેનાની વાયુ રક્ષા તંત્ર સંચાલનની કાર્યદક્ષતામાં વધારો કરશે.



(*) IIT બોમ્બેએ ક્વાક્વેરેલી સાયમંડ્સ (QS) વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં એન્જિનિયરિંગ અને ટેક્નોલોજીમાં 45મો રેંક મેળવ્યો.

[I] 100માંથી 79.1 ના સ્કોર સાથે IIT બોમ્બેએ 2024માં 45મું સ્થાન મેળવ્યું જે પાછલા વર્ષની સાપેક્ષે બે અંકનો સુધારો દર્શાવે છે.

[II] IIT બોમ્બેએ 5 વ્યાપક વિષયોમાંથી 4માં સ્થાન મેળવ્યું. જેમાં એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી, પ્રાકૃતિક વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, કલા, અને માનવિકીનો સમાવેશ થાય છે.

[III] IIT બોમ્બેએ ખનિજ અને ખનન માટે 25મો, ડેટા સાયન્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં 30મો, સિવિલ અને સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગમાં 42મો અને મિકેનિકલ, એરોનોટિક્સ અને મેન્યુફેક્ચરિંગમાં 57મો ક્રમ મળ્યો.

[IV] આ ઉપરાંત IIT ગુવાહાટી, JNU, IIM-A એ પણ આ યાદીમાં ટોચનું સ્થાન મેળવ્યું.

[V] QS રેન્કિંગમાં 2024માં અમેરિકાની મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેક. (MIT) પ્રથમ સ્થાને રહ્યું.


Current Affairs By C.H.Shingala GPSC

(*) હુરુન ગ્લોબલ યુનિકોર્ન ઈન્ડેક્સ - 2024

[I] ભારત દુનિયાભરમાં 67 યુનિકોર્ન સાથે ત્રીજા સ્થાને છે. અમેરિકા 703 અને ચીન 340 યુનિકોર્ન ધરાવે છે. તથા UK અને EU ચોથા અને પાંચમા સ્થાને છે.

[II] દુનિયાના યુનિકોર્નનું મૂલ્ય 5 ટ્રિલિયન અમેરિકી ડોલર છે. જે જાપાનની GDP સમકક્ષ છે.

[III] રિપોર્ટ અનુસાર ભારતે અન્ય દેશોની તુલનાએ વધુ ઓફશોર યુનિકોર્નનું ઉત્પાદન કર્યું છે. જેમાં 67 ભારતમાં અને ભારત બહાર 109 યુનિકોર્ન ભારતીય સ્થાપિત છે.



[*] ભારત ડિજિટલી વિતરિત સેવાઓનો ચોથો સૌથી મોટો નિકાસકાર બન્યો.

[I] ભારત ડિજિટલ વિતરણ સેવાઓમાં ચોથો સૌથી મોટો નિકાસકાર બન્યો જેની હિસ્સેદારી આંતરરાષ્ટ્રીય વેપારમાં પાંચમા ભાગથી વધુ છે.

[II] WTO ના ગ્લોબલ ટ્રેડ આઉટલુક અને આંકડાકીમાં આપેલા આંકડાના અનુમાન અનુસાર 2023માં ભારતની ડિજિટલી વિતરણ સેવાની નિકાસ 257 બિલિયન ડૉલર હતી. ભારત આ સ્થિતિમાં જર્મનીથી આગળ અને અમેરિકા, બ્રિટન અને આયર્લેન્ડથી પાછળ છે.

[III] ડિજિટલી વિતરણ સેવાઓમાં શિક્ષણ, ગેમિંગ, સ્ટ્રીમિંગ સંગીત, વિડિયોગ્રાફી, કમ્પ્યૂટર નેટવર્કનો સમાવેશ થાય છે.

[IV] ચિત્ર, સંગીત, વીડિયોનો ઉપયોગ AI દ્વારા કરવાથી આ ક્ષેત્રે 2023માં વધુ તેજી મળી.

Current Affairs By C.H.Shingala
GPSC

[*] હિપેટાઇટિસ B અને C ની બાબતમાં ચીન બાદ ભારત બીજા ક્રમે: WHO

[I] હિપેટાઇટિસ એ યકૃતનો સોજો છે જે વિવિધ પ્રકારે સ્વાસ્થ્ય સમસ્યાઓને કારણ નિર્માણ થાય છે અને ઘાતક બની શકે છે.

[II] WHOના ગ્લોબલ હિપેટાઇટિસ રિપોર્ટ મુજબ 2022માં વૈશ્વિક સ્તરે 254 મિલિયન લોકો હિપેટાઇટિસ B અને 50 મિલિયન લોકો C થી પીડિત છે.

[III] હિપેટાઇટિસ વાયરસના પાંચ મુખ્ય પ્રકાર છે. ટાઇપ A, B, C, D અને E.

[IV] વિશ્વ હિપેટાઇટિસ શિખર સંમેલનના રિપોર્ટ અનુસાર B અને C થી વૈશ્વિક સ્તરે દરરોજ 3500 લોકો મૃત્યુ પામે છે.

## ✱ ૧૩ એપ્રિલ - ૨૦૨૪ ✱

✱ ઈરાનના ચાબહાર બંદરબાદ ભારતે મ્યાનમારના સિટવેમાં તેમના બીજા વિદેશી બંદરના સંચાલનનો અધિકાર સુરક્ષિત કર્યો.

[I] કાલાદાન નદી પર સ્થિત સંપૂર્ણ બંદરના સંચાલનને સંભાળવા ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલના એક પ્રસ્તાવને વિદેશ મંત્રાલયે મંજૂરી આપી.

[II] ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ, દીનદયાલ પોર્ટ ટ્રસ્ટ અને જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ વચ્ચેનું એક સંયુક્ત સાહસ છે.

[III] વર્તમાનમાં જહાજરાની મંત્રાલયે
ઈરાનના ચાબહાર બંદર પર કંન્ટેનરના
ઉપકરણ અને સંચાલનની જવાબદારી
IPGLને સોંપી. અને આ સમગ્ર યોજનાનો
ઉદ્દેશ્ય પૂર્વ ભારતીય બંદરગાહ કોલકાતાને
મ્યાનમારમાં પલેતવા થી સડકના માધ્યમથી મિઝોરમના
મણિપુરને જોડવાનો છે.

[IV] આ લિંક પૂર્વોત્તર રાજ્યોમાં સામાન મોકલવાનો વૈકલ્પિક માર્ગ પ્રદાન કરશે અને કોલકાતા થી મિઝોરમ અને એનાથી આગળના માર્ગનું અંતર ઘટાડશે.

[V] મે ૨૦૨૩માં મ્યાનમારના ઉપ પ્રધાનમંત્રી એડમિરલ ટિન આંગ સાન અને કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે સંયુક્ત રીતે સિટવે બંદરનું ઉદ્ઘાટન કરી પ્રથમ ભારતીય માલવાહક જહાજનું સ્વાગત કર્યું હતું.

Current Affairs By C.H.Shingala

(*) સંપત્તિ બાબતે ચૂંટણી ઉમેદવારને મતદાતાઓ સામે ગોપનિયતાનો અધિકાર છે. સુપ્રીમ કોર્ટ.

[I] ચૂંટણી લડનાર ઉમેદવારને તેમના કે તેમના આશ્રિતોના સ્વામિત્વ વાળી સંપતિનો ખુલાસો કરવો જરૂરિ નથી. અદાલતના મત ઉમેદવારે એવી સંપત્તિ બાબતે જાણકારી આપવી જરૂરી છે જે વિલાસિતાપૂર્ણ જીવનશૈલીનું પ્રતિનિધિત્વ કરે.

[II] SC ના મતે નામાંકન સમયે પર્યાપ્ત અને અપ્રાસંગિક બાબતો વચ્ચેનું અંતર સ્પષ્ટ કરવાની આવશ્યકતા છે.

[III] SC નો આ ચુકાદો અરૂણાચલના નિર્દલીય વિધાયક કારિખો ક્રિ સાથે જોડાયેલ બાબત સાથે આવ્યો અને 2019 ની તેમની ઉમેદવારીને બરકરાર રાખી.

(*) AI ઉપકરણ વીએ-રેસનેટ-50

Current Affairs By C.H.Shingala GPSC

[I] એક અધ્યયન અનુસાર, વીએ રેસનેટ-50 નામક AI ઉપકરણનો ઉપયોગ વેંટ્રિકુલર એરિથમિયા (VA) નામક ઘાતક હૃદયના સ્પંદનના વિકારની જાણકારી મેળવી શકે છે.

[II] આ અધ્યયન લીસેસ્ટર વિશ્વવિદ્યાલયના હૃદય વિજ્ઞાન વિભાગ અને લીસેસ્ટર એનએચએસ ટ્રસ્ટના વિશ્વવિદ્યાલય હોસ્પિટલોમાં આયોજિત થયું હતું.

[III] 2014 અને 2022 વચ્ચેના નિયમિત NHS દેખરેખના ભાગ રૂપે 270 વયસ્કોના હોલ્ટર ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામ (ECG) નું વિશ્લેષણ કરવામાં આવ્યું.

[IV] ડૉ. બાર્કર સ્કૂલ ઓફ એન્જિનિયરિંગના ડૉ. જિન લી સાથે મળી આ ઉપકરણ બનાવ્યું છે.

[V] વેંટ્રિકુલર એરિથમિયા એક ગંભીર હૃદયના સ્પંદનનો વિકાર છે જે મૃત્યુનું કારણ બની શકે છે.

## [*] સાયબર ગુનાઓમાં રશિયા પ્રથમ, ભારત દશમા સ્થાને.

[I] દુનિયાભરના સાયબર ગુનાઓના વિશેષજ્ઞોના સર્વેક્ષણ અનુસાર ભારત આ બાબતમાં 10માં સ્થાને છે. જેમાં પૈસાથી કરવામાં આવતી છેતરપીંડી અગ્રિમ સ્થાને છે.

[II] શોધકર્તાઓની એક આંતરરાષ્ટ્રીય ટીમે 'વિશ્વ સાયબર અપરાધ સૂચકાંક' તૈયાર કર્યો જેમાં લગભગ 100 દેશોને રેન્કિંગ આપવામાં આવ્યા, આ રેન્કિંગને રેન્સમવેર, ક્રેડિટ કાર્ડ ચોરી અને છેતરપીંડી આધારિત વિવિધ શ્રેણીમાં મૂકવામાં આવ્યા.

[III] રશિયા અને યૂક્રેન અત્યાધિક ટેકનોલોજીકલ સાયબર અપરાધના કેન્દ્રો છે. જ્યારે નાઈજિરિયાઈ સાયબર અપરાધી સાયબરરાઘમાં ટેકનીકીનો ઓછો ઉપયોગ કરે છે.

[IV] વિશ્વના TOP 20 સાયબર ગુનાઓ ધરાવતા દેશો.

1. રશિયા
2. યૂક્રેન
3. ચીન
4. USA
5. નાઈજીરીયા
6. રોમાનિયા
7. ઉત્તર કોરિયા
8. UK
9. બ્રાઝિલ
10. ભારત

---

## One Liner News

[I] 'ગોડ પાર્ટિકલ'(બોર્જોન કણ) ના શોધક પીટર હિગ્સનું 94 વર્ષની વયે નિધન.

[II] ભારતની ચંદ્રયાન-3 મિશન ટીમને અમેરિકી અંતરિક્ષ અન્વેષણ પુરસ્કાર અપાયો.

[III] મેક્સ વેરસ્ટેપેન F1 જાપાન ગ્રાન્ડ પ્રિક્સ 2024માં જીત મેળવી.

[IV] ગેલ (ઈન્ડિયા) લિ.ને 15મો 'સીઆઈડીસી વિશ્વકર્મા પુરસ્કાર' સર્વશ્રેષ્ઠ નિર્માણ યોજનાઓ માટે ઉપલબ્ધ શ્રેણીઓમાં અપાયો.

Current Affairs By C.P. Shingala GPSC

## [*] 14 એપ્રિલ-2024 [*]

**[*] સચ્ચિદાનંદ મોહંતી UGCના સભ્ય નિયુક્ત થયા.**

I ઓડિશા કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિ સચ્ચિદાનંદ મોહંતીને UGCના સભ્ય બનાવાયા.

II તત્કાલ પ્રભાવથી ત્રણ વર્ષ માટે તેમની નિયુક્તિ કરવામાં આવી.

III ચાર દશકથી વધુના કરિયરમાં તેમણે શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિશિષ્ટતા પ્રાપ્ત કરી છે. અને હૈદરાબાદ વિશ્વવિદ્યાલયના અંગ્રેજી વિભાગના પૂર્વ પ્રોફેસર અને પ્રમુખ તરીકે કાર્ય કર્યું છે.



IV તેઓ UNESCOમાં ભારતના શિક્ષા આયોગના સભ્ય અને ઓરોવિલે ફાઉન્ડેશનના ગવર્નિંગ બોર્ડના સભ્ય પણ રહી ચૂક્યા છે.

**[*] દુનિયાનું સૌથી મોટું નવીનીકરણીય ઊર્જા પાર્ક અદાણી સમૂહે ગુજરાતમાં બનાવ્યું.**

I 45 ગીગાવોટ ક્ષમતા સાથેનું સૌર ઊર્જા પ્લાન્ટ અદાણીએ ખાવડા ખાતે સ્થાપિત કર્યો.

II લદ્દાખ બાદ દેશમાં બીજા નંબરે સૌથી સ્વચ્છ સૌર ઊર્જા અને અન્ય મેદાની પ્રદેશથી 5 ગણી ઊર્જા આ ક્ષેત્રમાં મળી શકે છે.

III હવાઈ મથકથી 18 કિમી દૂર ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક, 538 વર્ગ કિમીમાં ફેલાયેલ છે જે પેરિસથી લગભગ 5 ગણો મોટો છે.

IV ચરમસીમાએ આ પ્લાન્ટ 81 બિલિયન યુનિટ વીજળી ઉત્પન્ન કરશે જે બેલ્જિયમ, ચિલી અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા દેશોમાં વીજળી પૂરી પાડવાની ક્ષમતા ધરાવે છે.




Current Affairs By C.J.Shingala

**[*] જગજિત પવાડિયા ત્રીજા કાર્યકાળ માટે આંતરરાષ્ટ્રીય નારકોટિક્સ કંટ્રોલ બોર્ડ (INCB) માટે ફરીથી ચૂંટાયા.**

[I] 41 વોટ સાથે પવાડિયાએ આ જીત મેળવી જ્યારે બીજા સ્થાનના ઉમેદવારને 30 વોટ મળ્યા.

[II] 1968માં સ્થાપિત INCB, સંયુક્ત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય દવા નિયંત્રણ સંમેલનમાં સ્વતંત્ર અને અર્ધ-ન્યાયિક સંસ્થા છે.


[III] આર્થિક અને સામાજિક પરિષદ દ્વારા આમાં 13 સભ્યો ચૂંટવામાં આવે છે. WHOની નામાંકિત વ્યક્તિઓની યાદીમાંથી ચિકિત્સા, ઔષધી અને ફાર્મા ક્ષેત્રના અનુભવી 3 સભ્યોને પસંદ કરવામાં આવે છે જ્યારે 10 સભ્યોને સરકાર દ્વારા નામિત વ્યક્તિઓની સૂચી તૈયાર કરી પસંદ કરવામાં આવે છે.

**[*] 'ડસ્ટલિક' - સંયુક્ત સૈન્ય અભ્યાસ 5મી આવૃત્તિ.**

[I] ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે ઉઝબેકિસ્તાનના ટર્મેઝ જિલ્લામાં આ અભ્યાસ શરૂ થશે.

[II] ભારતીય સશસ્ત્ર દળ અને ઉઝબેકિસ્તાન ગણરાજ્યના સશસ્ત્ર દળના સહયોગથી અભ્યાસમાં વ્યાવહારિક સૈન્ય જરૂરિયાતોની આપલે કરવામાં આવશે.

[III] આ અભ્યાસની ચોથી આવૃત્તિ 2023માં ઉત્તરાખંડના વિદેશી પ્રશિક્ષણ નોડ, પિથોરાગઢમાં આયોજિત થઈ હતી. જ્યારે પ્રથમ આવૃત્તિ 2019માં ઉઝબેકિસ્તાનમાં આયોજિત થઈ હતી.




Current Affairs By C.H.Shingala

## [*] આંતરરાષ્ટ્રીય માનવ અંતરિક્ષ ઉડાન દિવસ - 12 એપ્રિલ.

[I] માનવજાત માટે અંતરિક્ષ યુગની શરૂઆત, અંતરિક્ષ વિજ્ઞાન અને તકનીકીના યોગદાનને શાંતિપૂર્ણ ઉદ્દેશ્યો માટે અને સંરક્ષણ માટે સુનિશ્ચિત કરવા આ દિવસ મનાવાય છે.

[II] 2024ની થીમ - 'વૈજ્ઞાનિક જીજ્ઞાસાને પ્રોત્સાહિત કરો'

[III] એપ્રિલ 2011ના પ્રસ્તાવમાં UN મહાસભા એ 12 એપ્રિલના આ દિવસની જાહેરાત કરી. જે સોવિયેત નાગરિક યુરી ગાગરિનના 12 એપ્રિલ, 1961 ના પ્રથમ માનવ અંતરિક્ષયાન ઉડાનના દિવસની યાદી છે.

[IV] પ્રથમ માનવ નિર્મિત ઉપગ્રહ સ્પુટનિક ને 1957 માં લોન્ચ કરાયો હતો.

### • અંતરિક્ષ સંબંધિત મહત્વની બાબતો •

① 16 જૂન, 1963 - વેલેંટીના ટેરેશ્કોવા પૃથ્વીની પરિક્રમા કરનાર પ્રથમ મહિલા બની.

② 20 જુલાઈ, 1969 - નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્રની સપાટી પર પગ રાખનાર પ્રથમ વ્યક્તિ.

③ 10 ઓક્ટોબર, 1967 - અંતરિક્ષનો મેગ્નાકાર્ટા લાગુ થયો.

GPSC Current Affairs By C.H. Shingala

## [*] ભારતમાં પ્રથમ મહિલા ઉચ્ચાયુક્ત બ્રિટને નિયુક્ત કર્યા.

[I] UK ના રાષ્ટ્રીય સાયબર સુરક્ષા કેન્દ્રના પૂર્વ CEO લિંડી કેમરન ભારતમાં બ્રિટનના પ્રથમ મહિલા ઉચ્ચાયુક્ત બન્યા.

[II] તેમણે શ્રી એલેક્સ એલિસ નું સ્થાન લીધું.

[III] ભારત બ્રિટનનો 12 મો સૌથી મોટો વ્યાપારિક ભાગીદાર છે.

# ✱ 15 એપ્રિલ - 2024 ✱

## ✱ દાળની સંગ્રહખોરી સામે કડક પગલાં ભરવા સરકારે પોર્ટલ રચ્યું.

I દાળોની સંગ્રહખોરી પર અંકુશ લગાવવા અને કિંમતોને નીચી લાવવા કેન્દ્ર સરકારે સંપૂર્ણ તૈયારી કરી છે. સરકાર સંગ્રહખોરી કરનારાઓ વિરુદ્ધ આવશ્યક વસ્તુ અધિનિયમ હેઠળ કડક કાર્યવાહી કરશે.

II સરકાર ઘરઆંગણે દાળોની કિંમતમાં ઘટાડો કરવા મ્યાનમારથી વધુ આયાતની વ્યવસ્થા પણ કરશે.

III સરકાર પોર્ટલના માધ્યમથી ગ્રાહક, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય તથા વ્યાપારીઓ વચ્ચે માહિતીનો આધારભૂત ડેટા તૈયાર કરશે.

## ✱ બાંગ્લાદેશમાં બાંગ્લા નવ વર્ષ 'પહેલા બૈશાખ' મનાવાયો.

I બાંગ્લા નવવર્ષ 'પહેલા બૈસાખ' બાંગ્લાદેશનો પારંપારિક ઉત્સવ છે. જેની શરૂઆત સાંસ્કૃતિક સમૂહ છાયાનૌત દ્વારા 'બટમૂલ'માં ભવ્ય પ્રદર્શન સાથે થઈ.

II આ ઉત્સવ ઉજવવાની શરૂઆત 1967માં બંગાળના લોકોની સંસ્કૃતિના પ્રતિકને ઉજાગર કરવાના હેતુથી થઈ.

III આ ઉત્સવ દરમિયાન આયોજિત થતી મંગલ શોભા યાત્રાને 2016માં યુનેસ્કોએ 'માનવતાની અમૂર્ત સાંસ્કૃતિ વિરાસતમાં સ્થાન આપ્યું હતુ.



## (*) એશિયાઈ કુસ્તી ચેમ્પિયનશિપ - 2024 માં ભારતને મેડલ

[I] ભારતના 19 વર્ષીય ઉદિતે કિર્ગિસ્તાનના બિશ્કેકમાં આ ચેમ્પિયનશિપમાં પુરુષ વર્ગમાં 57kgમાં રજત ચંદ્રક મેળવ્યો.

[II] આ ઉપરાંત અભિમન્યુ (પુરુષ- 70kg) અને વિક્કી (પુ. 97kg) એ કાંસ્ય ચંદ્રક મેળવ્યા.

[III] આ ઉપરાંત અંજૂ (મહિલા - 53kg) અને હર્ષિતા (72kg) એ પણ રજત ચંદ્રક મેળવ્યા. અને મનીષા (62kg) તથા અંતિમ (65kg) એ કાંસ્ય ચંદ્રક મેળવ્યા.

[IV] 14 એપ્રિલ, 2024 સુધીમાં કિર્ગિસ્તાનમાં આયોજિત આ ચેમ્પિયનશિપની 20મી આવૃત્તિમાં ભારતે 9 મેડલ જીત્યા.

Asian Wrestling Championship

Current Affairs By C.H. Shingala

## (*) DRDO અને ભારતીય સેનાએ સ્વદેશી મેન પોર્ટેબલ એન્ટી- ટેંક ગાઈડેડ મિસાઈલ હથિયાર સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું.

[I] આ સિસ્ટમ શત્રુ ટેંકને ગમે ત્યાંથી નિશાન બનાવવા સક્ષમ છે. તથા આ સિસ્ટમમાં MPATGM - લોન્ચર, લક્ષ્ય પ્રાપ્તિ ઉપકરણ અને અગ્નિ નિયંત્રણ યુનિટનો સમાવેશ થાય છે.

[II] આ મિસાઈલ સિસ્ટમ દિવસ અને રાત એમ બંને સમયના અભિયાનો માટે સક્ષમ છે.

[III] આ સિસ્ટમની 'ડ્યુઅલ મોડ સીકર' કાર્યક્ષમતા ટેંક યુદ્ધમાં આ ક્ષમતા માટે મૂલ્યવર્ધિત મહત્વપૂર્ણ તકનીક છે.

## [✱] વિશ્વ ક્વૉન્ટમ દિવસ- 14 એપ્રિલ

[I] દર વર્ષે વિશ્વભરમાં ક્વૉન્ટમ વિજ્ઞાન અને ક્વૉન્ટમ ટેક્નોલોજી બાબતે લોકોમાં પ્રોત્સાહન લાવવા તથા વાસ્તવિક દુનિયાની સમસ્યાઓમાં ક્વૉન્ટમના વિચારો લાવવાના ઉદ્દેશ્યથી આ દિવસ 2022થી ઉજવાય છે.

[II] રાષ્ટ્રીય ક્વૉન્ટમ મિશન અંતર્ગત ભારત આ ટેક્નીક માટે એક મજબૂત પારિસ્થિતિકી તંત્રનું નિર્માણ કરવા 6003.65 કરોડનું રોકાણ કરશે.

WORLD QUANTUM DAY APRIL 14

## [✱] ડૉ. બી.આર. આંબેડકર સ્મૃતિ દિવસ-14 એપ્રિલ

[I] ડૉ. બી.આર. આંબેડકરની સ્મૃતિમાં 14 એપ્રિલને આંબેડકર જયંતિ તરીકે મનાવાય છે, જે 'સમાનતા દિવસ'થી પણ ઓળખાય છે.

Current Affairs By C.H.Shingala GPSC

[II] ભારતીય બંધારણના પિતા ડૉ. આંબેડકર જયંતિ 'ભીમ જયંતિ' તરીકે પણ ઓળખાય છે.

[III]. જન્મ -1891
- ભારતના પ્રથમ કાયદાપ્રધાન
- ન્યાયશાસ્ત્રી, અર્થશાસ્ત્રી, સમાજ સુધારક
- ભારત રત્ન - 1990



## [✱] જલિયાવાલા બાગ હત્યાકાંડ- 13 એપ્રિલ

[I] 1919ના 13 એપ્રિલ અમૃતસરના જલિયાવાલા બાગ ખાતે ભારતના નેતાઓ સૈફુદ્દીન કિચલૂ અને ડૉ. સત્યપાલની ધરપકડના વિરોધમાં ભેગા થયેલ લોકો પર બ્રિગેડીયર જનરલ ડાયરે ગોળીબાર કર્યો હતો.

[II] આ ગોળીબારમાં 1000થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા.

[III] આ હત્યાકાંડની તપાસ માટે 'હંટર કમિશન'ની રચના કરવામાં આવી હતી.

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

UP TO 40% OFF

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

**IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર**




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~496/-~~ | MRP. ~~380/-~~ | MRP. ~~380/-~~ | | |
| Only @ 299/- | Only @ 230/- | Only @ 230/- | Coming... | Coming... |

**કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ**




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~270/-~~ | MRP. ~~230/-~~ | MRP. ~~385/-~~ | MRP. ~~280/-~~ | MRP. ~~180/-~~ |
| Only @ 162/- | Only @ 170/- | Only @ 235/- | Only @ 168/- | Only @ 126/- |

ORDER

Visit website crackgpsc.com/books OR અથવા Crack GPSC એપમાં BOOKS વિભાગ પરથી OR અથવા અહીં આપેલ QR કોડ દ્વારા પેમેન્ટ કરો.

કુરિયર સર્વિસ FREE (4 થી 5 દિવસમાં ડિલીવરી)

QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

**Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય**

સરકારી નોકરીની તૈયારી માટે


76000 51070

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે અગત્યનાં પુસ્તકો

**બુકની ઈમેજ પર ક્લિક કરી બુકની સંપૂર્ણ માહિતી મેળવો અને ઓર્ડર કરો.**




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



**વધુ માહિતી માટે Crack GPSC એપમાં BOOKS વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ .**

## એક એપ, બધી પરીક્ષાઓ

કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

# સરકારી નોકરીની તૈયારી કરો

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

# CRACK GPSC

## UPSC - GPSC - PI - PSI - RFO

### Dy. SO / નાયબ મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

TAT | TET | HTAT



- ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
- ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે **Crack GPSC**

વધુ વિગત માટે સંપર્ક કરો. 7600051070

રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.

- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Redeem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.

(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.